આજનો સુવિચાર

ક્રોધમાં માણસનું મોઢું ઉઘાડું રહે છે અને આંખ બંધ રહે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૪૮ જૂનાગઢ તા.૦૧-૧૦-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 248, Junagadh : Date : 01 October, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### બૂલડોઝર એકશન પર સુપ્રિમ કોર્ટની સખત ટીપ્પણી : અમારા નિર્દેશ તમામ માટે સમાન પછી તે કોઈપણ ધર્મનાં હોય

# અંતિમ ચુકાદો આવે નહી ત્યાં સુધી બુલડોઝર એકશન પર સુપ્રિમ કોર્ટની રોક



### સડકની વચ્ચે ધાર્મિક નિર્માણ ખોટું : અવૈધ મંદિર - દરગાહને હટાવવી પડશે : લોકોની સુરક્ષાથી વધુ કંઈ નથી, આરોપી હોય કે દોષી તોડફોડ થઈ શકે નહી : ૧૭ સપ્ટેમ્બરનો વચગાળાનો આદેશ અંતિમ ફેંસલો આવે નહી ત્યાં સુધી ચાલુ રહેશે

નવી દિલ્હી તા. ૧ દેશમાં ઉત્તરપ્રદેશ, આસામ, મધ્યપ્રદેશ, ગુજરાત સરકાર સહિતની રાજય સરકારો દ્વારા બુલડોઝર એકશન લેવામાં આવતા તેની સામે સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ પીટીશન પર આજે સુનાવણી હાથ ધરતા સુપ્રિમ કોર્ટે બુલડોઝર એકશન પર સખત ટીપ્પણી કરી હતી. જેમાં સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે, ભારત એક ધર્મ નિરપેક્ષ દેશ છે અને અમારા આદેશો તમામ માટે સમાન રહેશે. તેટલું જ નહી ગેરકાનૂની અવૈદ્ય નિર્માણ પર કાર્યવાહી રોકાશે નહી. લોકોની સુરક્ષાથી વધુ કંઈ નથી.

સુપ્રિમ કોર્ટે કહયું કે, અવૈદ્ય મંદિર, દરગાહને હટાવવી પડશે. રસ્તાની વચ્ચે ધાર્મિક નિર્માણ ખોટી બાબત છે.

અમારા નિર્દેશ તમામ માટે છે પછી તે ભલે કોઈપણ ધર્મનાં હોય, રસ્તાની વચ્ચે આવેલ ધાર્મિક નિર્માણ બાધા બની શકે નહી. જો કે સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ કર્યુ કે, આરોપી હોય કે દોષી થવા પર તોડફોડ થઈ શકશે નહી, સુપ્રિમ કોર્ટે વધુમાં કહયું કે, જયાં સુધી આ કેસનો અંતિમ ચુકાદો નહી આવે ત્યાં સુધી બુલડોઝર એકશન પર રોક રહેશે અને તા. ૧૭ સાપ્ટેમ્બરનો સુપ્રિમ કોર્ટનો વચગાળાનો આદેશ યથાવત રહેશે તે સાથે સુપ્રિમ કોર્ટે બુલડોઝર એકશન અંગે દિશા-નિર્દેશો અંગેનો ચુકાદો સુરક્ષીત રાખ્યો છે.

## ઈઝરાયેલી સૈન્યએ લેબનોનમાં ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કર્યુ



બૈરૂત, તા.૧: હિઝબુલ્લાના નેતા નસરૂલ્લાહની હત્યા કર્યા બાદ હવે ઈઝરાયલી દળો લેબેનોનમાં ઘુસી ગયા છે. પહેલા ઈઝરાયેલી સેનાએ દક્ષિણ લેબનોનમાં પ્રવેશ કરવાનું શરૂ કર્યું છ. આ ગ્રાઉન્ડ ઓપરેશન ઈઝરાયેલમાં સ્થાનિક સમય અનુસાર ગતરાત્રે ૧૦ વાગ્યે શરૂ થયું હતું. બીજી તરફ કેટલાક વીડિયોમાં લેબનીઝ સૈનિકો ઈઝરાયેલની સરહદ પરથી હટી જતા જોવા મળી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે લેબનીઝ આર્મીને બોર્ડરથી ઓછામાં ઓછા પાંચ કિમી દૂર ખસી જવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

ઈઝરાયેલી આર્મીએ સવારે ૪.૩૨ વાગ્યે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે થોડા કલાકો પહેલા IDFએ દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહ આતંકવાદી ઠેકાણાઓ અને માળખાગત સુવિધાઓને નિશાન બનાવીને ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કર્યું છે. ઈઝરાયેલે સ્પષ્ટપણે કહ્યું છે કે આ કાર્યવાહી સચોટ ગુપ્ત માહિતીના આધારે મર્યાદિત, સંપૂર્ણપણે સ્થાનિક અને લક્ષિત ભૂમિ દરોડા છે. આ વિસ્તારો સરહદની નજીકના ગામોમાં સ્થિત છે અને ઉત્તર ઈઝરાયેલ માટે ખતરો છે

હિઝબુલ્લાના સ્થાનો પર હવાઈ હુમલા અને હસન નસરૂલ્લાહના ખાત્મા પછી, ઈઝરાયેલી દળો લેબનોનમાં પ્રવેશ્યા છે.

ઈઝરાયેલે લેબનોનની અંદર જમીની હુમલા શરૂ કરી દીધા છે. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે તેના સૈનિકોએ દક્ષિણ લેબેનોનમાં હિઝબુલ્લાહની સ્થિતિ અને માળખાકીય સુવિધાઓ સામે મર્યાદિત અને લક્ષિત જમીન પર હુમલો કર્યો છે.

## ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર ડેમ સંપૂર્ણ ભરાયો : મુખ્યમંત્રીએ નવા નીરનાં વધામણા કર્યા



નર્મદા (રાજપીપળા) તા. ૧ ગુજરાતની જીવાદોરી ગણાતો સરદાર સરોવર ડેમની જળ સપાટી તેની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટરે પહોંચી છે. સિઝનમાં પહેલીવાર ડેમ છલોછલ ભરાતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ૧૨.૩૯ વાગે અમૃત મુહૂર્તમાં નર્મદાનાં નીરનાં વધામણાં કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ ચોમાસાની સિઝનમાં ડેમના દરવાજા ૩૩ અલગ અલગ દિવસો પર ખોલીને (૧૦/૦૮/૨૦૨૪થી ૨૭/૦૯/૨૦૨૪) સુધીમાં કુલ ૭૭ લાખ ૩૯ હજાર ૭૮૬ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું. સરદાર સરોવર ડેમ પૂર્ણ સપાટી ૧૩૮.૬૮ મીટર સુધી છલોછલો ભરાયો છે. ડેમમાં હાલ ૮૨,૪૦૮ ક્યૂસેક પાણીની આવક છે. ડેમમાંથી હાલ ૫૦૦૦ ક્યૂસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. ડેમમાંથી મુખ્ય કેનાલમાં ૪૩૬૪ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ટર્બાઈન મારફતે ૪૦,૯૩૦ ક્યૂસેક પાણીની જાવક છે.

## અભિનેતા ગોવિંદાનાં પગમાં તેની જ પીસ્તોલથી ગોળી વાગી

મુંબઈ તા. ૧ બોલિવૂડ એકટર ગોવિંદાને પગમાં ગોળી વાગવાથી ઈજા થઈ છે. તેને પોતાની જ પિસ્તોલથી ગોળી વાગી હતી. આ ઘટના આજે સવારે લગભગ ૪.૪૫ વાગ્યે બની હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ૬૦ વર્ષીય અભિનેતા ગોવિંદાને તેની રિવોલ્વર સાફ કરતી વખતે મિસ ફાયરિંગને કારણે ગોળી વાગી હતી. મુંબઈ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તેની રિવોલ્વર કબજે કરી મામલાની તપાસ શરૂ કરી છે. વરિષ્ઠ પોલીસ અધિકારી પરમજીત સિંહ દહિયાએ કહ્યું છે કે જે બંદૂકમાંથી ગોળી ચલાવવામાં આવી હતી તે લાઈસન્સવાળી છે. ડીસીપી ટૂંક સમયમાં આ મામલે સત્તાવાર નિવેદન આપશે. ગોળી વાગવાને કારણે તેના પગમાં ખૂબ લોહી વહી ગયું હતું, જેના કારણે તેની હાલત ગંભીર બની ગઈ હતી. હાલ તેને સારવાર માટે અંધેરીની કૃતિ કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હોસ્પિટલ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રાથમિક સારવાર બાદ ગોવિંદા હવે ખતરાની બહાર છે.

## ગુજરાતને પૂર નુકશાની પેટે રૂા. ૬૦૦ કરોડની કેન્દ્રીય સહાય

નવી દિલ્હી, તા. ૧ ગુજરાત સહિત દેશભરમાં ધોધમાર વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પૂર આવતા લાખો લોકો પ્રભાવિત થયા છે, ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા પૂર અસરગસ્ત ગુજરાત સહિત ત્રણ રાજ્યો માટે સહાયની જાહેરાત કરવામાં આવી છે. જેમાં કેન્દ્ર સરકારે ગુજરાતને રૂા.૬૦૦ કરોડની સહાયની જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ માંથી પૂર અસરગ્રસ્ત ગુજરાત, મણિપુર અને ત્રિપુરા માટે ૬૭૫ કરોડ રૂપિયા સહાયની જાહેરાત કરી છે. જેમાં ગુજરાતને ૬૦૦ કરોડ, મણિપુરને ૫૦ કરોડ અને ત્રિપુરાને ૨૫ કરોડ રૂપિયાની સહાય કરાશે. જ્યારે આ વર્ષે કેન્દ્ર સરકારે SDRFમાંથી ૨૧ રાજ્યોને ૯૦૪૪.૮૦ કરોડ અને ૧૫ રાજ્યોને NDRFમાંથી ૪૫૨૮.૬૬ કરોડ રૂપિયા સહાય માટે આપવામાં આવ્યાં છે. જ્યારે ગુજરાતમાં કેન્દ્ર સરકારની ટીમ ૧૫ સપ્ટેમ્બરથી ત્રણ દિવસની મુલાકાતે હતી. રાજ્યના પૂર અસરગ્રસ્ત વડોદરા સહિતના ૧૪ જિલ્લામાં નુકસાનીનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ૯૦૦ કરોડની નુકસાની થઈ હોવાનું રાજ્ય દ્વારા ટીમને જણાવાયું. અંતે કેન્દ્ર સરકારે ગુજરાતના પૂર અસરગ્રસ્ત વિસ્તારોને લઈને ૬૦૦ કરોડ રૂપિયાની સહાય કરવામાં આવી છે.

### નવરાત્રી પહેલા જ મોંઘવારીનો ડામ

## કોમર્શીયલ ગેસ સિલિન્ડરનાં ભાવમાં રૂા.૫૦નો વધારો

નવી દિલ્હી, તા.૧: હજુ નવરાત્રિ શરૂ પણ નથી થઈ. ત્યાં જ લોકોને આંચકો લાગ્યો છે. આજથી એટલે કે તા.૧ ઓક્ટોબર, ૨૦૨૪થી સરકારી ઓઈલ કંપનીઓએ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં વધારો કર્યો છે. આ વધારો કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં થયો છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧૬૯૧.૫૦ રૂપિયાથી વધીને ૧૭૪૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગઈ છે. મતલબ કે આ કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૫૦ રૂપિયા મોંઘું થઈ ગયું છે. આ સિલિન્ડરનો ઉપયોગ મોટાભાગે હલવાઈઓ અથવા પકોડા ફ્રાય કરનારા અથવા રસ્તાની બાજુના વિક્રેતાઓ પર છોલે-ભટુરે વેચનારાઓ દ્વારા કરવામાં આવે છે. દેશની સૌથી મોટી સરકારી ઓઈલ કંપની IOCLની વેબસાઈટ અનુસાર, આ દરો આજથી ૧ ઓક્ટોબર, ૨૦૨૪થી અમલમાં આવી ગયા છે.

## ઈન્દોર શહેર ભાજપ પ્રમુખનું વિચિત્ર સૂચન ગરબામાં પ્રવેશ કરનાર લોકોને ગૌમૂત્ર પીવડાવો

ઈન્દોર,તા.૧ નવરાત્રી આયોજનોમાં વિધર્મીઓને દુર રાખવાના સુર વચ્ચે ઈન્દોર શહેર ભાજપ પ્રમુખે ગરબામાં આવતાં હિન્દુઓને ગૌમુત્ર પીવડાવવાની સલાહ આપવામાં આવી છે. હિન્દુ હોય તેને ગૌમુત્ર પીવામાં કોઈ વાંધો નહિં રહેવાનો તેમનો તર્ક પણ ગરબા પંડાલમાં દાખલ થાય તે પૂર્વે જ આયોજકોએ ગૌમુત્ર પીવડાવવાની વ્યવસ્થા કરવી જોઈએ. ઈન્દોર ભાજપના પ્રમુખ ચિન્ટુ વર્માએ કહ્યું કે, ગરબા આયોજકોએ ગરબા પંડાલમાં પ્રવેશ કરતા તમામ લોકોને ગૌમુત્ર પીવડાવીને આગમન કરાવવુ જોઈએ. ઘણા લોકો ચોકકસપણે ઘૂસી જતા હોય છે. અને તેનો ઉહાપોહ થાય છે. આધારકાર્ડ ફરજીયાત બનાવવા છતાં તેમા છેડછાડ શકય છે. જયારે ગરબા પંડાલમાં પ્રવેશનાર ખરેખર હિન્દુ હોય તો તેને ગૌમુત્રનાં આચમનમાં કોઈ વાંધો નહી રહે અને હિન્દુ હોવાનું સાબીત થઈ જશે. ભાજપ પ્રમુખની આ સલાહથી રાજકીય વિવાદ સર્જાયો છે. ગૌવંશ કત્લ વિશે કાંઈ ન બોલતા ભાજપ નેતાઓ ખોટુ રાજકારણ કરી રહ્યાનો કોંગ્રેસે આરોપ મુકયો છે. ભાજપ નેતાઓ જ ગૌમુત્ર પીતા હોય તેવો વિડીયો જારી કરે તેવો પણ પડકાર ફેંકયો હતો.

## હવે બરડા અભ્યારણમાં પણ સિંહ દર્શન થશે : દિવાળી પૂર્વે ઉદ્‌ઘાટન

રાજકોટ,તા.૧ વન્યજીવ પ્રેમીઓ માટે સિંહ નિહાળવાનું નવુ એક સરનામું તૈયાર થઈ છે.પોરબંદરના બરડા અભ્યારણ્યમાં દિવાળીથી સિંહદર્શન શરૂ કરાશે. વન વિભાગનાં પ્રિન્સીપાલ ચીફ કન્ઝર્વેટર નિત્યાનંદ શ્રીવાસ્તવે કહ્યું કે બરડામાં વહેલીતકે સિંહદર્શન શરૂ થઈ જશે.

સાસણની જેમ જ પ્રવાસીઓને ખુલ્લી જીપમાં બરડા અભ્યારણ્ય નવો કોરીડોર છે.સાવજો જયાં નવુ રોકાણ બનાવે તેવી આશા છે. એક સિંહ તેની મેળે જ બરડામાં પહોંચી ગયો હતો.જયારે પાંચનો બ્રિડીંગ દ્વારા જન્મ થયો છે. સાબર-હરણ પણ રાખવામાં આવ્યા છે. બરડામાં લાયન સફારી માટે પ્રથમ તબકકે ૪ વાહન આપવામાં આવ્યા છે. સવાર-સાંજ સફારીનું શિડયુલ તૈયાર કાયું છે. ૧૯૧ ચોરસ કીમીનો આ સમગ્ર વિસ્તાર છે. ચોમાસા દરમ્યાન ભારે વરસાદ થયો હોવાને કારણે પ્રથમ તબકકે જંગલ સફારી માટે પાંચ કિલોમીટરનો ટુર નિર્ધારવામાં આવ્યો છે. પોરબંદરમાં વન વિભાગની ઓફીસથી સફારીનું બુકીંગ થઈ શકશે. થોડા વખતે ઓનલાઈન બુકીંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

હાર્દિક શુભેચ્છા....

એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ
ડૉ. નિકુંજ ઠુંમર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન
+૯૧ ૯૦૯૯૮૮૮૬૧૦
ડૉ. મૌલિક ભાલોડીયા
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન
+૯૧ ૯૦૯૯૮૯૮૬૧૦

માતૃત્વ વુમન્સ હૉસ્પિટલ
DEDICATED TO WOMEN'S HEALTH
ડૉ. ઋજુલબેન ગજેરા ઠુંમર
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦
આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ
બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત,
ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટીરીયા,
એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)



Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર - જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌંદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો
સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ
લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૯૬૨

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેક વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

CMYK CMYK CMYK

# સોમનાથમાં ૫૬ કલાકની કામગીરીના અંતે મેગા ડીમોલેશન પુર્ણ થતા ૧૦૨ એકર જમીનને ફેનસીંગથી કોર્ડન કરાઇ






## જીલ્લા કલેક્ટરે ખુલ્લી કરાયેલ જમીન ઉપર લોકોને પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ : પોલીસવડાએ ૧૦૨ એકર જગ્યાની સુરક્ષા માટે છાવણી ઉભી કરી પોલીસ જવાનોનો બંદોબસ્ત તૈનાત કર્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧

સોમનાથ મંદિર નજીક ચાલી રહેલા તંત્રના મેગા ડીમોલેશનની ૫૬ કલાકની કામગીરીના અંતે પૂર્ણ થયુ હોવાનું જીલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ જાહેરાત કરી છે. આ ખુલ્લી કરાયેલ ૧૦૨ એકર સરકારી જમીન ઉપર ફરી દબાણ ના થાય તે માટે યુધ્ધના ધોરણે ફેનસિંગ કરવામાં આવ્યુ છે. આ જગ્યામાં ભવિષ્યમાં પ્રવેશ ઉપર પ્રતિબંધત્મક જાહેરનામું પ્રસિધ્ધ કરતા પોલીસ વિભાગે કાયમી માટે પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દીધેલ છે. શનિવારે વ્હેલી સવારથી સોમનાથ મંદિર આસપાસ તંત્ર દ્વારા મેગા ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરીમાં ૯ જેટલા ધાર્મીક (મસ્જીદ-દરગાહ) તથા ૪૫ પાકા મકાનોના દબાણો દુર કરવામાં આવ્યા હતા. બાદમાં દબાણોનો કાટમાળ દુર કરવાની કામગીરી ચાલી રહી હતી. દરમ્યાન સ્થળની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવેલ કે, સતત ૫૬ કલાકની કામગીરી પછી સરકારી જમીન ઉપરથી તમામ ધાર્મિક સહિતના દબાણો દુર કરી તેનો કાટમાળ હટાવવાની કામગીરી પુર્ણ થઈ ગઈ છે. આ ખુલ્લી થયેલ ૩૨૦ કરોડની ૧૦૨ એકર જમીન ઉપર ફરી દબાણો ન થાય તે માટે યુધ્ધના ધોરણે ફેનસિંગની બાઉન્ડરીની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે.

**જીલ્લા કલેક્ટરએ ડીમોલેશન કરેલ સરકારી જગ્યા ઉપર પ્રવેશ પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કર્યું**

તાજેતરમાં ડીમોલેશન કરાયેલ સરકારી જગ્યા ઉપર કોઈ વ્યકિતઓના પ્રવેશ કે દબાણ કરવાથી ઘર્ષણ, કોમી હિંસા, રમખાણો, તોફાનો થવાની સંભાવના જણાતી હોવાથી શાંતિ જાળવવા હેતુસર જીલ્લા મેજીસ્ટ્રેટ દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામા અનુસાર પ્રભાસપાટણના સરકારના સ.નં.૧૮૫૧ અને ૧૮૫૨ વાળી જમીન/મિલકત ઉપર કોઈ પણ ઈસમ/સંસ્થા/કંપનીએ પ્રવેશ કે દબાણ કરવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૨ મુજબ શિક્ષાપાત્ર ઠરશે. આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે ફરજ ઉપરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ સ્ટાફને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામું તા.૩૦-૯-૨૪ થી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે.


**તંત્ર દ્વારા કબ્રસ્તાનને સુરક્ષિત રાખવા બાઉન્ડરી વોલનું નિર્માણ કરાયું**

આ ડીમોલેશનની કામગીરી દરમ્યાન દબાણોની બાજુમાં આવેલ કબ્રસ્તાનને નુકસાન ન પહોંચે તેની તંત્ર દ્વારા પુરી તકેદારી રાખવામાં આવી હતી. જેમાં અનઅધિકૃત ધાર્મિક દબાણોની નજીક આવેલ કબ્રસ્તાનની ફરતે ફેનસિંગ બાઉન્ડરી વોલના નિર્માણનું કાર્ય પણ યુધ્ધના ધોરણે હાથ ધરી સુરક્ષિત કરવામાં આવ્યું હતું.

**સરકારી જગ્યાના રક્ષણ માટે છાવણી ઉભી કરી બંદોબસ્ત તૈનાત કરાયો**

મેગા ડીમોલેશનમાં ખુલ્લી કરાયેલ ૧૦૨ એકર સરકારી જગ્યા ઉપર પ્રતિબંધ ફરમાવતું પ્રસિધ્ધ થયેલ જાહેરનામાની અમલવારી માટે સ્થળ ઉપર એક પોલીસ છાવણી ઉભી કરવામાં આવી છે. જેમાં રાઉન્ડ ધ કલોક સુરક્ષા જાળવવા માટે ૨૫ પોલીસ જવાનોનો સ્ટાફ તૈનાત કરી દેવામાં આવ્યો હોવાનું પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ જણાવ્યુ છે.

# ‘મારૂ જીવન જ મારો સંદેશ’ આપનાર મહાત્મા ગાંધીજી



ભારતના રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધી કે જેઓ બાપુ અથવા મહાત્મા ગાંધી નામથી પણ ઓળખાય છે. તેમનો જન્મ ૨ ઓકટોબરે થયો હોવાથી આ દિવસે ગાંધી જયંતિ તરીકે ઉજવે છે. બીજું આ દિવસને ‘વિશ્વ અહિંસા દિવસ’ તરીકે પણ વિશ્વ ઉજવે છે. ભારત સિવાય વિશ્વના અનેક દેશો આજે તેમનાં જન સેવાના કાર્યો, અહિંસક ચળવણ માટે યાદ કરે છે. મહાત્મા ગાંધીજીને વૈશ્વિક સ્તરે આદર, સન્માન વ્યકત કરવા ઉજવણી આજે થઇ રહી છે. મહાત્માએ વિશ્વને અહિંસા અને શાંતિનો સંદેશ આપ્યો છે. મારૂ જીવન જ મારો સંદેશ જેવી પ્રેરક વાતો જીવનમાં વિવિધ ગુણો થકી મહાન બન્યા, આપણા સૌરાષ્ટ્રના પોરબંદરમાં જન્મ થયોને રાજકોટમાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ મેળવીને બેરીસ્ટર થયા. આજની ૨૧ મી સદીમા ગાંધીનો અર્થ સાથે દેશના યુવા ધને તેમના અછૂત પ્રત્યેના કાર્યો, માનવતાનો સંદેશ, દાંડી માર્ચ, શિક્ષણમાં બુનિયાદી શિક્ષણ સાથે તેમની સાધારણ જીવનશૈલી સાથે ઉચ્ચ વિચારોને અનુસરવું જ પડશે. સંયુકત રાષ્ટ્રે ૧૫ જુન ૨૦૦૭ના દિવસે જાહેરાત તરીકે દર વર્ષે ૨ ઓકટોબરે ‘આંતર રાષ્ટ્રીય અહિંસા દિવસ’ની ઉજવણી કરવામાં આવે, તેમના ૧૧ મહાવ્રતો દેશના દરેક નાગરીકે સમજવાની જરુર છે. સત્ય, અહિંસા, ચોરી ન કરવી, અપરિગ્રહ, સ્વાવલંબન, અસ્પૃશ્યતા, અભય, સ્વદેશી, સ્વાર્થ ત્યાગ સાથે સર્વધર્મ સમભાવનો સંદેશ સમગ્ર વિશ્વને આપ્યો છે. વૈષ્ણવ જન તો એને રે કહિએ જે પીડ પરાઈ જાણે તેમનું પ્રિય ભજન હતું સવાર-સાંજ પ્રાર્થના સભા અને પોતાનું દરેક કામ જાતે કરવાનો તેમનો આગ્રહ હતો. ૧૧ મહાવ્રતોની સમજ જોઈએ તો હમેશા વાણી-વર્તન સાચુ રાખવું, કોઈને શારીરિક, માનસિક કે ભાવનાત્મક ઈજા ન કરવી, સામે જીવનમાં કોઈપણ પ્રકારની ચોરી ન કરવું અને જરુરીયાત હોય તેટલું જ વસ્તુનું મહત્વ સાથે સંગ્રહનો વિરોધ કર્યો હતો. બ્રહ્મચર્યની વાત સમજાવતા મહાત્માએ મર્યાદાઓ, સિધ્ધાંતો પાળીને માનસિક બ્રહ્મચર્ય પાળવાની વાત કરી છે. ગાંધી જયંતિ એટલે મહાત્માના જીવન કાર્યો અને જીવન સંદેશને યાદ કરીને એમાંથી પ્રેરણા લેવાનો દિવસ છે. ગાંધીજીએ કહેલું કે મારૂ જીવન એ જ મારો સંદેશ છે. તેઓ એક વિશ્વ માનવ હતા વિશ્વ પ્રસિધ્ધ નાટયકાર બર્નાડ શોએ ગાંધીજી વિશે કહ્યું કે ‘આવનારી પેઢીઓ ભાગ્યે જ વિશ્વાસ કરશે કે કયારેક આ સંસારમાં એવી વ્યકિત પણ રહી હતી, જે આધુનિક સ્વતંત્ર ભારતના પિતા, નવરાષ્ટ્રના નિર્માતા અને ભાગ્ય વિધાતા જેવી ઘણી વિવિધતાઓ લઈને કોઈ નોખા માટીનો માનવી આ દેશમાં જન્મયો હશે’ વિશ્વ વિચારક ટોફલરે પણ કહ્યું કે ૨૧મી સદી ટેકનોલોજીની દ્રષ્ટીને સેટેલાઈટનો ઉપયોગ કરતી હશે અને માનવ મુલ્યોની દ્રષ્ટિએ મહાત્મા ગાંધીને અનુસરતી હશે.

**- ડો. સચિન જે. પીઠડીયા**

# જિલ્લા પંચાયત સ્પોર્ટ્સ કલબ ખાતે આધુનિક સ્પોર્ટ્સ શૂટિંગ રેંજનુ ઉદ્ઘાટન કરાયું

## શાળાના ૧૫૩ બાળકોએ આધુનિક સ્પોર્ટ્સ શૂટિંગ રેંજના નિશુલ્ક કેમ્પમાં ભાગ લીધો






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ શહેરની પ્રથમ આધુનિક સ્પોર્ટ્સ શૂટિંગ રેંજનું જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમરના વરદ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ તકે ૧૦મી એર રાયફલ શૂટિંગના તથા ૧૦મી પિસ્તોલ શૂટિંગના એક દિવસે નિઃશુલ્ક કેમ્પનું આયોજન જિલ્લા પંચાયત સ્પોર્ટ્સ કલબ ગાંધીચોક જૂનાગઢ ખાતે કરવામાં આવ્યુ હતું. જેમાં ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓમાં કૌશલ્યનો વિકાસ થાય તે હેતુથી નિઃશુલ્ક કેમ્પમાં જિલ્લાના ૧૨૫૨ જેટલા શાળાના બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે. તે પૈકી કુલ-૧૫૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ, જેઓને ટ્રેનર દ્વારા શૂટીંગ બાબતે માહિતી આપી તેમજ શૂટીંગ રાઈફલ દ્વારા હાથ અજમાવેલ. આ કાર્યક્રમમાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, આસિસ્ટન્ટ કલેકટર એશ્વર્યા દુબે, સહિતના અધિકારી અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના અંતે ‘એક પેડ મા કે નામ’ અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી ગૌરાંગ નરે, કર્મચારીઓ, કોચ ટ્રેનર સહિત આ આયોજનને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. આગામી દિવસોમાં અન્ય રજિસ્ટ્રેશન કરેલ બાળકોને વિવિધ સ્લોટ ફાળવવામાં આવેલ છે. તેઓને પણ આ બાબતે માહિતગાર કરી તાલીમ આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ કાયમી તાલીમ મેળવવા માંગતા હશે તેઓ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે. આગામી દિવસોમાં સ્પોર્ટ કલબ જૂનાગઢ ખાતે અન્ય રમત-ગમતની અત્યાધુનિક સુવિધાઓ પણ વિકસાવવામાં આવશે.

# જૂનાગઢ જિલ્લા પંચાયત દ્વારા ગામોમાં સ્વચ્છતા અંગે જિલ્લા કક્ષાએ યુવા સંવાદ કાર્યક્રમનું આયોજન




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

“સ્વચ્છતા હી સેવા-૨૦૨૪” અંતર્ગત જૂનાગઢ જિલ્લા પંચાયત દ્વારા જિલ્લા કક્ષાએ યુવા સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન તેમજ તાલુકા અને જિલ્લા પંચાયતના સદસ્યઓ, ગ્રામ પંચાયતના સદસ્યઓ તેમજ સ્વચ્છ ભારત મિશનનો તમામ સ્ટાફ બહોળી સંખ્યામાં જોડાયો હતો. જેમાં ગામડાઓ અને પ્રત્યક્ષ સ્થાનિક વિસ્તારોમાં સફાઈ અભિયાન ચલાવીને સ્વચ્છતા જાગૃતિ ફેલાય તે માટે સ્વચ્છ ભારત મિશનને વધુ પ્રબળ મજબૂત બનાવવા માટે સિંગલ યુઝ પ્લાસ્ટિક અને ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા માટે વિવિધ પ્રવૃત્તિ હાથ ધરવા આહવાન કરવામાં આવ્યું હતું.

# શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં હજારો ખેલૈયાઓ મન મૂકીને ગરબે રમશે

રાજકોટ તા.૦૧

તા.૦૩ ઓક્ટોબરથી નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ સર્વે સમાજના ભાઈઓ-બહેનો પારિવારિક માહોલમાં ગરબે રમીને આદ્યશક્તિની આરાધના કરી શકે તે માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા નવરાત્રિ મહોત્સવનું જાજરમાન આયોજન કરાયું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાજકોટ શહેરના સાઉથ ઝોન અને ઈસ્ટ ઝોન ઝોનમાં શ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ નવરાત્રિ મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અદ્યતન સાઉન્ડ સિસ્ટમ, વિશાળ મેદાન, લાઈટીંગ, બહેનોની સંપૂર્ણ સુરક્ષા અને પારિવારિક માહોલમાં આ નવરાત્રિ મહોત્સવ યોજાશે. તા. ૦૩ ઓક્ટોબરથી ૧૨ ઓક્ટોબર સુધી યોજાનાર આ નવરાત્રિ મહોત્સવમાં દેશ-વિદેશમાં ખ્યાતિ મેળવનાર ગાયક કલાકારો રાસ-ગરબાની રમઝટ બોલાવી ખેલૈયાઓને ગરબે રમાડશે.

રાજકોટ શહેર સહિત રાજયભરમાં ૩૭ સ્થળે શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવનું આયોજન કરાયું છે. જેમાં અમદાવાદ, વડોદરા, જૂનાગઢ, જામનગર, અમરેલી, ભાવનગર, ઉપલેટા, જેતપુર, જસદણ, દામનગર, ધોરાજી, ગોંડલ, સોમનાથ, તાલાલા, ઊના, ગીર ગઢડા, ધ્રોલ, લતીપુર, અંકલેશ્વર, પાટણવાવ, મોટા ગુંદાળા, ગોધરા, નંદીસર, અરવલ્લી, કુંભરવાડી, મોરવા રેણા, નંદીસર, જેડોલી, ગોઠીબ, રતનપુર, વાડોદર, પરસોડા સહિતના સ્થળે ભવ્યાતિભવ્ય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નવરાત્રિ દરમિયાન ખેલૈયાઓ ગરબે રમીને મા ખોડલની આરાધના કરશે.

હાલની પરિસ્થિતિને ધ્યાને લઈને સરકારી ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરીને આયોજન કરવામાં આવ્યું છે.

# ગાંધીનગર ખાતે ગીર ફાઉન્ડેશન દ્વારા તા. ૨ થી ૮ ઓક્ટોબર દરમ્યાન ‘વન્યજીવ સપ્તાહ’ ઉજવાશે

## નાગરિકોને સપ્તાહ દરમિયાન ઈન્દ્રોડા પ્રકૃતિ તેમજ અરણ્ય ઉદ્યાનમાં વિના મૂલ્યે પ્રવેશ અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧

નાગરિકોમાં વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાના હેતુસર પ્રતિ વર્ષ ‘ગીર’ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા તા.૨ થી ૮ ઓક્ટોબર દરમ્યાન ‘વન્યજીવ સપ્તાહ’ની ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષે ‘ગીર’ ફાઉન્ડેશન દ્વારા આ સપ્તાહ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી લોકજાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ સપ્તાહ દરમ્યાન ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ અને અરણ્ય ઉદ્યાનમાં મુલાકાતીઓ માટે નિઃશૂલ્ક પ્રવેશ આપવામાં આવશે. આ વર્ષે ‘ગીર’ ફાઉન્ડેશન દ્વારા સ્વચ્છતા અભિયાન, બર્ડ વોક, વિદ્યાર્થીઓ માટે વર્કશોપ કમ ટ્રેનિંગ, ઈકો કલબ ટીચર્સ ટ્રેનિંગ, વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી, ફોટોગ્રાફી એક્ઝિબિશન તેમજ બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં સોમવાર તા.૭ ઓક્ટોબરના રોજ મુલાકાતીઓ માટે પાર્ક ખુલ્લો રાખવામાં આવશે, જ્યારે બુધવાર તા.૯ ઓક્ટોબરના રોજ મુલાકાતીઓ માટે પાર્ક બંધ રાખવામાં આવશે તેમ નાયબ નિયામક ગીર ફાઉન્ડેશન ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ જિલ્લામાં ઘરઘાટીને રાખતા પહેલા ૪૮ કલાકની અંદર પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ જિલ્લામાં ઘણા ગંભીર ગુનાઓમાં ઘરઘાટીની સંડોવણી હોવાનું તપાસ દરમિયાન જણાયેલ છે. કેટલાંક કિસ્સાઓમાં વયોવૃધ્ધ નાગરિકો મકાનમાં એકલા રહેતા હોય છે. તેમને ત્યાં ઘરકામ અર્થે રાખેલ ઘરઘાટીઓ પૈકી અમુક ગુનાહિત મનોવૃત્તિ ધરાવતા હોય, એકલતાનો લાભ ઉઠાવી નાણાની અથવા અન્ય લાલચમાં આવી જઈ શરીર સંબંધી કે મિલકત સંબંધી ગુનાઓ આચરી ફરાર થઈ જતા હોય છે. આંતકવાદી પ્રવૃત્તિમાં સામેલ ઈસમો પણ આ રીતે રહે તેવી શક્યતા નકારી શકાય નહીં. ઘરઘાટીઓ જૂનાગઢ જિલ્લાની બહારના હોય તેઓ ગુનો આચરીને જતા રહેતા હોય છે. તેમની માહિતી મકાન માલિક કે પોલીસ પાસે હોતી નથી. પરિણામે તેમને પકડવા ખૂબ જ મુશ્કેલ ભર્યું બને છે. જેથી આવા બનાવો બનતા અટકાવવા તથા જૂનાગઢ જિલ્લા વિસ્તારની જાહેર જનતાની સલામતી અને શાંતિ જાળવવા આવા ઘરઘાટીઓના પુરા નામ, સરનામા, ફોટોગ્રાફસ, ધંધાકીય પ્રવૃત્તિની વિગત વગેરેની માહિતી માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા આવી પ્રવૃત્તિ અટકાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. આથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.એફ.ચૌધરીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ઘરઘાટીના નામ, સરનામા, ફોટોગ્રાફસ, ધંધાકીય પ્રવૃત્તિની વિગત વગેરે માહિતી ઘરમાલિક/ભાડુઆત દ્વારા ઘરમાલીક/ભાડૂઆતનું નામ/સરનામું, મોબાઈલ/ટેલીફોન નંબર (આઈ.ડી.પ્રુફની નકલ ફરજિયાત જોડવી), ઘરઘાટીનું પૂરું નામ, ઉંમર વર્ષ તથા જૂનાગઢ જિલ્લાનું સરનામું તથા મોબાઈલ નંબર (આઈ.ડી.પ્રુફની નકલ ફરજિયાત જોડવી), ઘરઘાટીનું મૂળ વતનનું સરનામું તથા મોબાઈલ નંબર તથા પોલીસ સ્ટેશનનું નામ(આઈ.ડી.પ્રુફની નકલ ફરજિયાત જોડવી), ઘરઘાટીને કામે રાખ્યા તારીખ/છુટા કર્યાની તારીખ, ઘરઘાટી અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે ઘર માલીકનું/ભાડૂઆતનું પૂરું નામ, સરનામું તથા મોબાઈલ નંબર અને ઘરઘાટીનો સમયગાળો, ઘરઘાટી કોના રેફરેન્સ/પરિચયથી કામે રાખેલ છે.? તેનું પૂરું નામ, સરનામું તથા મોબાઈલ નંબર(આઈ.ડી.પ્રુફની નકલ ફરજિયાત જોડવી), ઘરઘાટીના માતા-પિતા ભાઈ-બહેનના પુરા નામ, સરનામા તથા મોબાઈલ નંબર, ઘરઘાટી પરિણીત હોય તો તેના સાસુ-સસરા, સાળાના નામ, સરનામાં તથા મોબાઈલ નંબર, ઘરઘાટીનો અભ્યાસ તથા ઓળખી શકાય તેવી નિશાની, ઘરઘાટીનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ મુજબની માહિતી દિવસ-૭ માં સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે. તેમજ નવા ઘરઘાટીને કામ પર રાખ્યાની તથા જુના ઘરઘાટીને છૂટા કર્યાની તારીખથી ૪૮ કલાક અંદર સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે. આ જાહેરનામું તાત્કાલીક અસરથી ૦૪/૧૧/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ-૨૨૩ મુજબ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

# જૂનાગઢ જિલ્લામાં ૪ ઓક્ટોબર સુધી સભા સરઘસબંધી રહેશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ જિલ્લામાં પ્રવર્તમાન સ્થિતી સંદર્ભે કાયદો વ્યપવસ્થા અને જાહેર સુલેહ શાંતી જાળવવા સારૂ તેમજ કોઈ અનિચ્છનીય બનાવના બને તે માટે તાત્કાલીક અસરથી તા.૪-૧૦-૨૦૨૪ સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજસ્ટ્રેટ એન.એફ. ચૌધરીએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ અન્વયે એક આદેશ જારી કરી સભા સરઘસબંધિ ફરમાવી છે. આ આદેશ સરકારી ફરજમાં હોય તેવી ગૃહ રક્ષક મંડળીઓ, સરકારી નોકરી ઉપર અવર જવર કરતા હોય તેવા કર્મચારીઓ, કોઈ લગ્નાનાં વરઘોડાને, સ્મશાન યાત્રા કે તેમાં જોડાનાર વ્યાક્તિને, સક્ષમ અધિકારીએ કાયદેસરની પરવાનગી આપી હોય તેમને લાગુ પડશે નહિં. આ હુકમનું પાલન ન કરનાર કે તેમાં મદદગારી કરનારને ગુનો સાબીત થયે કલમ ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડ અને શિક્ષાને પાત્ર ઠરશે.

# આઈસીડીએસ શાખા મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા 'સક્ષમ સપ્તાહ'ની ઉજવણી



જૂનાગઢ, તા.૧

૭માં રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૪ અંતર્ગત આઈસીડીએસ શાખા મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા 'સક્ષમ સપ્તાહ'ની ઉજવણી સરકાર દ્વારા દર વર્ષના સપ્ટેમ્બર માસમાં પોષણ માહની ઉજવવામાં આવે છે. આ ઉજવણીની શરૂઆત દેશના માન.વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ – ૨૦૧૮માં કરવામાં આવેલ. પોષણ માહ થકી સગર્ભા, ધાત્રી માતાઓ, ૦ થી ૬ વર્ષના બાળકો, તેમજ કિશોરીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા વિવિધ સ્તરે પોષણાત્મક પ્રવૃતિઓનું આયોજન કરી જન આંદોલન થકી લોકોને પોષણ અંગે જાગૃત કરવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. ચાલુ વર્ષે ૭માં રાષ્ટ્રીય પોષણ માહની ઉજવણી કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા ૭માં રાષ્ટ્રીય પોષણ માહની પુર્ણાહુતી પ્રસંગે માસના છેલ્લા સપ્તાહને ઝુંબેશ રૂપે 'સક્ષમ સપ્તાહ' તરીકે ઉજવવા નક્કી કરવામાં આવ્યું છે. આ સપ્તાહ અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે આઉટરીચ પ્રવૃતીઓ હાથ ધરવામાં આવે છે ત્યારે આઈ.સી.ડી.એસ. શાખા મહાનગરપાલિકા જૂનાગઢના તાબા હેઠળના આંગણવાડી કેન્દ્રો ખાતે પણ પોષણ માહના અંતિમ ચરણે 'સક્ષમ સપ્તાહની' ઉજવણી કરવામાં આવે છે જે અનુસંધાને તા.૩૦/૯/૨૦૨૪ એ પોષણ માહ અંતર્ગત સક્ષમ સપ્તાહના અંતિમ દિવસની ઉજવણી કરવામાં આવેલ. ઉજવણીમાં તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે મહિલા સ્વાસ્થય મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મીટીંગ થકી આંગણવાડી કેન્દ્રો ખાતે કાર્યકર બહેનો તેમજ મુખ્યસેવિકા બહેનો દ્વારા લાભાર્થી માતઓને સ્વચ્છતા, આરોગ્ય તેમજ પોષણ જેવા વિષયો ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ આંગણવાડી કેન્દ્રો ખાતે મળતી આવશ્યક સેવાઓ વિશે માહિતગાર કરવામાં આવેલ આ ઉપરાંત લાભાર્થી માતાઓને **THR (TAKE HOME RASHAN)** માંથી બનતી વાનગીઓ અને તેમાંથી મળતા પોષણ વિશે પણ સમજ આપવામાં આવેલ સમગ્ર પોષણ માસ ની તમામ ઉજવણીનું સફળ સંચાલન આઈ.સી.ડી.એસ. શાખાના પ્રોગ્રામ ઓફીસર વત્સલાબેન દવેના માર્ગદર્શન હેઠળ આઈ.સી.ડી.એસ.ની ટીમ દ્વારા કરવામાં આવે છે.

### કુમકુમના પગલા પડ્યા માડી તારા આવવાના એંધાણ મળ્યા...

# જૂનાગઢ ગિરનાર ઉપર બિરાજમાન માં અંબાજી મંદિરે શારદીય આસો નવરાત્રીનો તા.૩ને ગુરૂવારથી પ્રારંભ થશે





જૂનાગઢ, તા.૧

જૂનાગઢ ગીરનાર પર્વતના ૫૦૦૦ પગથિયા ઉપર બિરાજમાન જગતજનની માં અંબાજીની શક્તિપીઠ આવેલી છે જે ઉદયન પીઠ તરીકે ઓળખાય છે પુરા ભારતમાં કુલ બાવન શક્તિપીઠો છે જેમાંની આ એક માતાજીની શક્તિપીઠ છે. નવરાત્રી મહોત્સવ અને નવરાત્રી અનુષ્ઠાન નો ગુરુવારથી પ્રારંભ થઈ રહ્યો છે મંદિરના મહંત મોટાપીર બાવા પુ.તનસુખગીરીબાપુની નિશ્રામાં નવરાત્રી ગુરૂવારરથી પ્રથમ નોરતું માતાજીના નિજ મંદિરમાં સવારે ૮:૦૦ કલાકે ઘટસ્થાપન વિધિ સાથે અનુષ્ઠાનનો પ્રારંભ થશે એમાં રોજ સવાર સાંજ માતાજીના શ્રી સુકતના પાઠ અભિષેક અને બંને ટાઈમ મહા આરતી કરવામાં આવશે. નવરાત્રી દરમિયાન માતાજીને રોજબરોજ સિંગાર અને વિશિષ્ટ પૂજા કરવામાં આવશે જેમાં મંદિરના પૂજારીઓ દ્વારા મંદિરને સુશોભન સાથે સુંદર રીતે સજાવટ કરવામાં આવેલ છે. છેલ્લા એક અઠવાડિયાથી મંદિરમાં માતાજીના આભૂષણો સહિતના મંદિર પરિસરને નવા સાજશણગાર સાથે પવિત્ર કરવામાં આવેલ છે અને આઠમા નોરતે હવન અષ્ટમીનો યજ્ઞ યોજાશે જેમાં માતાજીની સન્મુખ એક હવનનું પણ આયોજન કરાયું છે જેમાં હજારો મયભક્તો માતાજીના દર્શન અને હવનના દર્શન કરવા ગિરનારની ટોચ ઉપર જય ચડશે. હવનષ્ટમીના દિવસે માતાજીના દર્શને પધારેલા ભાવિકોને મહાપ્રસાદ પીરસવામાં આવશે. નવરાત્રી દરમ્યાન ગિરનાર ઉપર અનુષ્ઠાન કરવાનું પણ એક મોટું માતમ છે જેમાં શ્રદ્ધાળુઓ ગિરનારના અન્ય ધર્મસ્થાનોમાં પણ માતાજીની આરાધના અનુસઠાન કરવા જય ચડે છે અને નવ દિવસના અનુષ્ઠાન કરી માતાજીની આરાધના કરે છે.

# જૂનાગઢમાં દિવ્યાંગ કેમ્પના આયોજન દ્વારા નિ:શુલ્ક અંગ મેળવવા માટે ઉમદા તક

જૂનાગઢ, તા.૧

આગામી ૬ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ જૂનાગઢ ભવનાથ ખાતે વિરાટ દિવ્યાંગ કેમ્પ અખિલ ભારતીય સંસ્થા તરુણ મિત્ર પરિષદ દિલ્હી દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે વિનામૂલ્યે કૃત્રિમ અંગ (હાથ અથવા પગ) પોલિયોગ્રસ્ત બાળકો માટે કેલીપર્સ, ઓર્થોશુઝ, (પગરખા) તેમજ બધિર વ્યક્તિઓ માટે એટલે કે જેઓ સાંભળવા માટે અસમર્થ છે તેમના માટે શ્રવણયંત્ર આપવા માટે નો કેમ્પ છ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ જૂનાગઢના ભવનાથમા આવેલ સમોસરણ દિગંબર જૈન મંદિર,રૂપાયતન રોડ, ગિરનાર તળેટી, જુનાગઢ ખાતે યોજાનાર છે. આ કેમ્પ નરેશચંદ્ર જૈનની સ્મૃતિમાં મૃદુલાબેન જૈનના સહયોગથી યોજનાર છે. જે દિવ્યાંગ લાભાર્થી ને કૃત્રિમ અંગ જરૂર હશે તેમનું માપ લીધા બાદ તે અંગ ઉપલબ્ધ કરાવવા,૨૬ ઓક્ટોબરે ઉકત સ્થળે કૃત્રિમઅંગ ફાળવણી થશે,મંદિરના ટ્રસ્ટી પારસ જૈનના જણાવ્યા મુજબ જરૂરતમંદ દિવ્યાંગજન પરિષદ દ્વારા નિર્ધારિત આવેદન પત્ર મેળવવા પોતાનુ આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈઝનો ફોટો, લગાવીને રજિસ્ટ્રશન કરવી લેવું, આવેદન પત્ર મેળવવા મંદિરનાં પ્રબંધક જીતેન્દ્ર જૈન ૯૭૧૨૦ ૮૧૨૮૪નો સંપર્ક કરી શકાશે. ઉલ્લેખનીય છે કે તરુણ મિત્ર પરિષદ દિલ્હી દ્વારા આ રીતે બાવન જેટલા મોટા દિવ્યાંગ કેમ્પ પૂરા દેશના અલગ અલગ રાજ્યોમાં કરી ચૂક્યું છે.

# શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- નોર્થ ઝોન રાજકોટ દ્વારા નવરાત્રિ મહોત્સવનું ભવ્યાતિ ભવ્ય આયોજન

## રાજકોટના નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર નોર્થ ઝોન આયોજિત નવરાત્રિ મહોત્સવમાં હજારો ખેલૈયાઓ ૧૦ દિવસ રાસ-ગરબાની રમઝટ બોલાવશે

(પંકજ ઝીબા દ્વારા)



રાજકોટ, તા.૧

આગામી તારીખ ૩ ઓક્ટોબરથી નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ સમાજના ભાઈઓ-બહેનો પારિવારિક માહોલમાં ગરબે રમીને આદ્યશક્તિની આરાધના કરી શકે તે માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાજકોટ શહેરમાં નોર્થ ઝોનમાં નવરાત્રિ મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેરના નોર્થ ઝોનમાં નવરાત્રિ મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરાયું છે. સાઉન્ડમાં સૌથી આધુનિક સાઉન્ડ સિસ્ટમ, વિશાળ મેદાન, લાઈટીંગ, સંપૂર્ણ સુરક્ષા અને પારિવારિક માહોલમાં આ નવરાત્રિ મહોત્સવ યોજાશે. તા. ૩ ઓક્ટોબરથી ૧૨ ઓક્ટોબર સુધી યોજાનાર આ નવરાત્રિ મહોત્સવમાં દેશ-વિદેશમાં ખ્યાતિ મેળવનાર ગાયક કલાકારો રાસ-ગરબાની રમઝટ બોલાવી ખેલૈયાઓને ગરબે રમાડશે.રાજકોટમાં શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ-નોર્થ ઝોનની ટીમ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પારિવારિક માહોલમાં સુરક્ષિત રીતે ગરબે રમી શકે તે માટે સિક્યુરીટી, સીસીટીવી કેમેરા, વિશાળ મેદાન અને પાર્કિંગ ઉપરાંત સ્વયંસેવકોની પણ મોટી સંખ્યામાં વ્યવસ્થા કરવામાં આવી છે. હાલની પરિસ્થિતિને ધ્યાને લઈને સરકારી ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરીને આયોજન કરવામાં આવ્યું છે. આ સુરક્ષિત અને પારિવારિક વાતાવરણમાં દરરોજ હજારો ખેલૈયાઓ રાસ-ગરબાની રમઝટ બોલાવી મા ખોડલની આરાધના કરશે.શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ નોર્થ ઝોન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્યાતિભવ્ય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરાયું છે. પરસાણા ચોક, ફિલ્ડમાર્શલ રોડ, નવો ૧૫૦ ફૂટ રીંગ રોડ, કણકોટ રોડ, રાજકોટ ખાતે નોર્થ ઝોન આયોજિત નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખ્યાતનામ સિંગરો અને ઓરકેસ્ટ્રા રાસ-ગરબાની રમઝટ બોલાવશે. શ્રી ખોડલધામ નોર્થ ઝોન આયોજિત નવરાત્રિ મહોત્સવની વધુ વિગત માટે મો. નં- ૯૭૨૨૨ ૦૨૨૨૨, ૯૦૯૯૯ ૯૯૯૫૫પર સંપર્ક સાધવા જણાવાયું છે. નવરાત્રિ મહોત્સવને સફળ બનાવવા શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- નોર્થ ઝોન રાજકોટની સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે.

# શ્રી નાથળીયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ જૂનાગઢના નવ નિયુક્ત ટ્રસ્ટીઓની વરણી

જૂનાગઢ, તા.૧

શ્રી નાથળીયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ, ગાંધીગ્રામ, જૂનાગઢના ટ્રસ્ટીઓની મુદત તા. ૩૦-૯-૨૦૨૪ના રોજ પુરી થતી હોવાથી નવા ટ્રસ્ટીઓની સામાન્ય ચૂંટણી જાહેર કરવામાં આવેલ અને તેનું સંચાલન કરવા માટે બે ચૂંટણી અધિકારીઓની નિયુકિત કરવામાં આવેલ તેની સૂચના મુજબ ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ, સુધારેલ મતદાર યાદી તા.૧-૯-૨૦૨૪ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ, કુલ- ૧૩ (તેર)ટ્રસ્ટીઓની જગ્યા માટે ચૂંટણી પ્રક્રિયા હાથધરતાં ઉમેદવારી પત્રો ભરવા માટેની નિયત મુદતમાં કુલ ૧૭ ઉમેદવારી પત્રો રજુ થયેલ તેની ચકાસણી કરતાં તમામ ઉમેદવારી પત્ર માન્ય થયેલ પરંતુ નિયત સમય મર્યાદામાં તે પૈકીના ૪ વ્યક્તિઓએ ઉમેદવારી પરત ખેંચતા ફાઈનલ ૧૩ ઉમેદવારોને તા.૧-૧૦-૨૦૨૪ થી તા. ૩૦-૯-૨૦૨૭ની મુદત માટે ટ્રસ્ટી તરીકે બીન હરીફ ચૂંટાયેલ જાહેર કરવામાં આવેલ છે.જેમાં મહેતા જીતેન્દ્ર મનસુખલાલ, શ્રોત્રિય નલીન કાંતીલાલ, મહેતા હિતેન્દ્રકુમાર મોહનલાલ, મહેતા હિતેન્દ્રભાઈ કેશવલાલ, દવે મનિષાબેન કાંતિલાલ, દવે જીગ્નેશ મહેન્દકુમાર, દવે ધર્મેશભાઈ મહેન્દ્રભાઈ, મહેતા પ્રફુલચંદ્ર હરીલાલ, ઉપાધ્યાય વિજયભાઈ મનસુખભાઈ, ઓઝા યોગેશ દોલતરાય, ઓઝા ઉમેશકુમાર દયાશંકર, મહેતા હાર્દિક જગદીશચંદ, મહેતા જીતેષ કાંતિલાલનો સમાવેશ થાય છે. આમ આ નવ નિયુક્ત ટ્રસ્ટી મંડળ જ્ઞાતિ ઉત્થાન, સમાજ ઉત્કર્ષના, અને સંસ્કાર કેન્દ્ર વાડીના વિકાસ કાર્યો હાથ ધરશે તેમ સંસ્થાની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

# ગ્રાન્ડ માસ્ટર પ્રજ્ઞાનંધાએ ગૌતમ અદાણીનો આભાર માન્યો

## અદાણી ગ્રૂપે મને ત્યારે મદદ કરી, જ્યારે સૌથી વધુ જરૂર હતી

(પ્રતિનિધિ દ્વારા)



અમદાવાદ, તા.૧

ચેસ ઓલિમ્પિયાડ ૨૦૨૪ની ગોલ્ડ મેડલ વિજેતા ટીમના ગ્રાન્ડમાસ્ટર પ્રજ્ઞાનંધાએ અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીનો આભાર માન્યો છે.ગૌતમ અદાણીએ આપેલા સહકાર બદલ પ્રજ્ઞાનંદે તેમના પ્રત્યે ખૂબ જ આભાર વ્યક્ત કર્યો છે. નોંધનીય છે કે, તાજેતરમાં જ ભારતે ૯૭ વર્ષ બાદચેસ ઓલિમ્પિયાડમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે. તેવામાં ગૌતમ અદાણીએ વિજેતા ટીમની ભવ્ય સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ગ્રાન્ડ માસ્ટર પ્રજ્ઞાનંદે ગૌતમ અદાણીની પ્રસંશા કરતા કહ્યું હતું કે "સફળતાની આ યાત્રામાં ઘણા લોકોએ મને સાથ-સહકાર આપ્યો છે, જેમાં મારા માતા-પિતા, મારા ટ્રેનર્સ, મારા પ્રથમ સ્પોન્સર અને છેલ્લા એક વર્ષથી મને સહાય કરી રહેલાઅદાણી ગ્રુપનો સમાવેશ થાય છે. હું ખરેખર અદાણી ગ્રૂપનો ખૂબ જ આભારી છું." ગૌતમ અદાણીએ અગાઉ ચેસ ઓલિમ્પિયાડ-૨૦૨૪ની ગોલ્ડ મેડલ વિજેતા ટીમને પાઠવેલા અભિનંદનની ગ્રાન્ડ માસ્ટરે પ્રતિક્રિયા આપી હતી. પ્રજ્ઞાનંધાએ તેમાં ગૌતમ અદાણીના સહકાર અને સમર્થન બદલ આભાર માન્યો હતો. પ્રજ્ઞાનંદે ખૂબ જ ઓછા સમયમાં ચેસમાં પોતાનું નામ ઘણું ઊંચું કરી લીધું છે. પ્રજ્ઞાનંદે વધુમાં જણાવ્યું હતું કે, "અદાણી ગ્રૂપે મને ત્યારે ઘણી મદદ કરી છે જયારે તાલીમની સૌથી વધુ જરૂર હતી. અદાણી ગ્રૂપ મને તમામ સંભવિત મદદ કરી રહ્યું છે. હું આ વર્ષની શરૂઆતમાં પણગૌતમ અદાણી સરને મળ્યો હતો. તેમણે મને કહ્યું હતું કે મારે ભારત દેશ માટે એક લક્ષ્ય નિર્ધાર કરવું જોઈએ. હું અદાણી સરના સમર્થન માટે ખરેખર ખૂબ જ આભારી છું". ઉલ્લેખનીય છે કે ગૌતમ અદાણીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને ભારતીય ચેસ ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે "ભારત માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે! ચેસ ઓલિમ્પિયાડ ૨૦૨૪માં ગોલ્ડ મેડલ જીતવા બદલ પુરૂષ અને મહિલા બંને ટીમોને અભિનંદન! ભારત ચેસની રમતમાં પોતાનું વર્ચસ્વ ફરીથી સ્થાપિત કરી રહ્યું છે, જેનોઉદભવ ભારતમાં જથયો હતો." ભારતીય ચેસ ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંદ ભારતના સર્વશ્રેષ્ઠ ચેસ ખેલાડી છે. રમત કૌશલ્યથી તે ભારતને સતત ગૌરવ અપાવી રહ્યા છે.

# માંગરોળ એસ.એસ.સ્કૂલ ખાતે તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો

## કે. કા. શાસ્ત્રી અને એસ.એસ. સ્કૂલના ઉપક્રમે યોજાયેલા વિજ્ઞાન મેળામાં તાલુકાની ૨૭ નિશાળોએ ભાગ લીધો

(પ્રતિનિધિ દ્વારા)



માંગરોળ, તા.૧

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે એસ.એસ.સ્કૂલમાં તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો હતો. આ વિજ્ઞાન મેળો એસ.એસ.સ્કૂલ અને કે. કા શાસ્ત્રી સ્કૂલના ઉપક્રમે યોજાયો હતો. જેમાં તાલુકાની ૨૭ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ૧૫૬ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાને બહાર લાવવા અને વિજ્ઞાન ટેકનોલોજી પ્રત્યે અભિરૂચિ કેળવવાના ઉમદા હેતુથી યોજાયેલા વિજ્ઞાન મેળામાં વિદ્યાર્થીઓએ ૭૮ જેટલી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમને અવલોકન કરવા શહેરના નામાંકિત શિક્ષકો અને તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. વિજ્ઞાન મેળાનો આનંદ લેવા શહેરમાંથી ૧૬૩૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૩૭૫ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. મેળાનું સંપૂર્ણ સંચાલન કેકા શાસ્ત્રીના આચાર્ય નયન ભટ્ટ એસ એસ સ્કૂલના સંચાલક ઉસ્માન ભટ્ટૂ અને ઉબેદૂલ્લાહ જાડલા એ કર્યુ હતું. આ તકે માંગરોળ પોલીસ પીઆઈ દેશાઈ, મુસ્લિમ સમાજના પ્રમુખ મુહમ્મદહુસૈન ઝાલાએ વિજ્ઞાન મેળાની મુલાકાત લીધી હતી. વિજ્ઞાન મેળાને સફળ બનાવવા એસ.એસ. સ્કૂલના સ્ટાફ તેમજ હસનભાઈ કોતલ અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા રાજેન્દ્રભાઈ ચુડાસમાનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો



જૂનાગઢ, તા.૧

જૂનાગઢ ખાતે આઈએમઆઈ હોલમાં જૂનાગઢ પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા રાજેન્દ્રભાઈ ચુડાસમાનો નિવૃત્તિ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું. આ તકે શહેરની વિવિધ સેવાકીય સંસ્થા, રાજકીય મહાનુભાવો, સોરઠીયા વાણંદ સમાજ તેમજ પોસ્ટ ડિપાર્ટમેન્ટ સહીતની સંસ્થાઓ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું જેમાં સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં પ્રમુખ બિપિન ભટ્ટી, ધનશુખ ભાઈ ચુડાસમા, વિજય ચુડાસમા, અમુભાઈ વાઢેર તેમજ જગન્નાથ યુવા સંગઠનનાં પ્રમુખ ભદ્રેશભાઈ પરમાર સહીતની ટીમ તેમજ આરતીબેન જોશી, અધ્યશક્તિબેન મજમુદાર, મનશુખભાઈ વાજા, શૈલેષભાઈ પારેખ સહીતના ઉપસ્થિત રહ્યાં હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ચીન પર ભરોસો ન કરી શકાય

સતત ચાર વર્ષથી ચાલ્યા આવતા ભારત-ચીન વચ્ચેનો તણાવ ઓછો થવાના સંકેત છે. ભારત અને ચીનના દ્વિપક્ષીય સંબંધોને લઈને હાલમાં ઘટનાક્રમ બહુ ઝડપથી બન્યો છે. ચીન ભારત સીમાથી સેનાનું પાછળ હટવું બહુ સારી વાત છે પરંતુ ચીનની વાતો પર આંખો મીંચીને ભરોસો ન કરી શકાય. સમજૂતી કર્યા બાદ પોતાની વાતથી ફરી જવું તેની જૂની આદત રહી છે. દગો કરવો એ ચીનનું ચરિત્ર છે. તેના પર નજર રાખવી પડે. તેની ચાલને અનુરૂપ આપણે આપણો વ્યવહાર અને તૈયારી કરવી પડશે.

ભારત ચીન સીમા વિવાદ ઉકેલાવાના સંકેત ૧૨ સપ્ટેમ્બરે જ સેન્ટર પીટર્સબર્ગમાં બ્રિક્સ એનએસએ લેવલની સમિટના સાઈડલાઈન્સ પર થયેલ એ બેઠક દરમ્યાન જ જોવા મળ્યા હતા, જે એનએસએ અજિત ડોભાલ અને ચીની વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે થઈ હતી. ભારતીય વિદેશ મંત્રાલય તરફથી બેઠક બાદ જારી પ્રેસ નોટમાં એ વાતનો ઉલ્લેખ હતો કે બંને દેશોએ બચેલા ક્ષેત્રોમાં પણ પૂર્ણ ડિસએંગેજમેન્ટની દિશામાં કામ કરવાને લઈને સહમતિ વ્યક્ત કરી છે. જાણકારો માને છે કે ગતિરોધ દૂર કરવાની દિશામાં લઈ જવાની પ્રક્રિયા એકાએક નથી થતી. તેના માટે બેકગ્રાઉન્ડમાં કામ થતું રહે છે. ઓઆરએફમાં ફેલો અને ચીન બાબતોના એક જાણકાર કહે છે કે આવું એક લાંબી પ્રક્રિયા અંતર્ગત થાય છે. બંને દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર એ બંને દેશોના વિદેશ મંત્રી સતત મુલાકાત કરતા રહે છે. પાછલાં ચાર વર્ષોથી બોર્ડર મુદ્દાને ઉકેલવાને લઈને કોશિશો સતત થઈ રહી છે. સેનાના કમાંડર સ્તર પર વાતો અલગથી થતી રહી છે. ભારત અને ચીન બંને તરફથી આ પ્રકારની કોશિશો કરાઈ રહી હતી. જોકે હવે જે દેખાઈ રહ્યું છે, તેને ધ્યાનમાં રાખીને આ પ્રકારની કોશિશો કઈ દિશા લેશે, તેને લઈને હજુ વેઈટ એન્ડ વોચની સ્થિતિમાં રહી શકાય છે. બોર્ડર પર આવેલ ગતિરોધને ધ્યાનમાં રાખતાં વિદેશ મંત્રીઓ તથા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની બેઠકો કરવાનું એક માળખું તૈયાર કરવામાં આવ્યું છે.

વિદેશ મંત્રી એસ.જયશંકરે પૂર્વ લદ્દાખમાં સીમા મુદ્દે ૧૨ સપ્ટેમ્બરે જ કહ્યું કે સૈનિકોની વાપસી સંબંધિત મુદ્દા લગભગ ૭૫ ટકા ઉકેલી લેવાયા છે, પરંતુ મોટો મુદ્દો સીમા પર વધતા સૈન્યીકરણનો છે. જીનેવામાં થિંકટેન્કના એક કાર્યક્રમમાં તેમણે કહ્યું કે જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં થયેલ ટકરાવે ભારત-ચીન સંબંધોને સમગ્ર રૂપે પ્રભાવિત કર્યા. જયશંકરે કહ્યું કે વિવાદિત મુદ્દાનું સમાધાન શોધવા માટે બંને પક્ષો વચ્ચે વાતચીત ચાલી રહી છે. અમે કેટલીક પ્રગતિ કરી છે. મોટાભાગે સૈનિકોની વાપસી સંબંધી લગભગ ત્રણ-ચતુર્થાંશ મુદ્દાનું હલ શોધી લેવામાં આવ્યું છે. પરંતુ એનાથી પણ મોટો મુદ્દો એ છે કે આપણે બંનેએ પોતાની સેનાઓને એકબીજાની નજીક લાવી દીધી છે અને એ દૃષ્ટિએ સીમાનું સૈન્યીકરણ થઈ રહ્યું છે.

સૂત્રોનું કહેવું છેકે ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે પૂર્વ લદ્દાખમાં કેટલાક ટકરાવવાળા બિંદુઓ પર ગતિરોધ ચાલુ છે. ભારત કહેતું રહ્યું છે કે સેનાના પૂર્વ સ્થાન પર પહોંચ્યા વિના સીમાવર્તી ક્ષેત્રોમાં શાંતિ નહીં થાય, ચીન સાથે સંબંધો સામાન્ય નહીં થઈ શકે. જયશંકરે કહ્યું કે ૨૦૨૦માં જે કંઈ થયું, તે કેટલાંક કારણોસર કેટલીય સમજૂતીઓનું ઉલ્લંઘન હતું જે હજુ પણ આપણા માટે સંપૂર્ણરીતે સ્પષ્ટ નથી. ચીને વાસ્તવિક નિયંત્રણ રેખા પર બહુ મોટી સંખ્યામાં સૈનિકો તૈનાત કર્યા અને સ્વાભાવિક રૂપે જવાબમાં આપણે પણ આપણા સૈનિકો મોકલ્યા. ૨૦૨૦ની અથડામણ બાદથી બંને દેશ સીમા પર બુનિયાદી માળખાના નિર્માણ માટે પણ પ્રતિસ્પર્ધા કરી રહ્યા છે, જેને વાસ્તવિક નિયંત્રણ રેખા રૂપે પણ ઓળખવામાં આવે છે. ભારત દ્વારા ઊંચાઈ પર હવાઈપટ્ટી સુધી એક નવી સડકનું નિર્માણ ચીની સૈનિકો સાથે ૨૦૨૦માં થયેલ ઘાતક અથડામણના મુખ્ય કારણોમાં એક માનવામાં આવે છે.

આ વખતે ચીની સેનાના સીમાથી પાછળ હટવાનું કારણ ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીની કેન્દ્રીય સમિતિના રાજકીય બ્યૂરોના સદસ્ય વાંગ કાબયાન પણ છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે અશાંત વિશ્વનો સામનો કરતાં, બે પ્રાચીન પૂર્વી સભ્યતાઓ અને ઉભરતા વિકાસશીલ દેશો રૂપે ચીન અને ભારતે સ્વતંત્રતા પર દૃઢ રહેવું જોઈએ. તેમણે આગળ કહ્યું કે એક્તા અને સહયોગની પસંદગી કરવી જોઈએ તથા એકબીજાને નુક્સાન પહોંચાડવાથી બચવું જોઈએ. વાંગે આશા વ્યક્ત કરી કે બંને પક્ષ વ્યાવહારિક દૃષ્ટિકોણ દ્વારા પોતાના મતભેદોને યોગ્ય રીતે હલ કરશે અને એકબીજા સાથે મળીને કામ કરવાની રીત શોધશે. ચીન-ભારત સંબંધોને સ્વસ્થ, સ્થિર અને સતત વિકાસના રસ્તે પાછા લાવશે.

આટલું બધું થઈ રહ્યું છે પરંતુ જરૂરી એ છે કે બંને ૨૦૨૦ની યથાસ્થિતિ પર પાછા ફરે, એ જ સમાધાન છે. નિશ્ચિતપણે પીછેહઠ સમાધાન નથી. જો નિશ્ચિત રૂપે સમાધાનના રસ્તે ચાલી તો ભારત નુક્સાનમાં જ રહેશે. આ બધાને જોઈને જ ભારતે પગલું ભરવું પડશે. મે ૨૦૨૦ની સ્થિતિ પર ચીન સહમત થશે એવું નથી લાગતું. સીમા વિવાદના ચાર વર્ષ દરમ્યાન સમાચાર આવેલા કે ચીન સીમા પર નવા એરપોર્ટ - સૈનિક છાવણી તેમના માટે બંકર બનાવી રહી છે. પોતાની સીમા સાથે જોડાયેલા ક્ષેત્રમાં ગામો વિકસિત કરી રહ્યું છે. ભારતીય ક્ષેત્રનાં સ્થળોનું નામ બદલી રહ્યું છે. જોકે વિવાદની અવધિમાં ભારતે પણ સીમા પર સુરક્ષા માળખું વિકસિત કર્યું છે. નવા એરબેઝ તૈયાર કરી રહ્યું છે. ઠંડા સ્થાનો પર રહેવા માટે સૈનિકોને પ્રશિક્ષિત કરવાની સાથે જ તેમના માટે બરફમાં રહેવા યોગ્ય સાધનો બનાવી રહ્યું છે. આ પ્રક્રિયા ભારતે ઝડપી બનાવવી પડશે. સીમા રેખાને અડીને ગામો વિકસિત કરવાં પડશે જેથી ચીનની ગતિવિધિઓ પર નજર રાખી શકાય. એક રીતે ચીનની પ્રત્યેક કાર્યવાહીનો જવાબ એનાથી એક ડગલું આગળ વધીને જ આપવો પડશે.

જો આપણે ભારતીયો ખરા અર્થમાં દેશભક્ત હોત તો ચીન ક્યારનું ય કાબૂમાં આવી ગયું હોત! મે ૨૦૨૦માં ચીન સાથે વિવાદ થતાં આપણે ભારતીયોએ ફેસબુક પર બહુ દેશભક્તિ દેખાડી. લાગ્યુ કે હવે ભારતમાં ચીનનો સામાન નહીં વેચાય. પરંતુ આંકડા તેનાથી વિપરીત છે. ૨૦૨૩-૨૪માં ભારત અને ચીન વચ્ચે લગભગ ૧૧૮.૪ અબજ ડોલરનો વેપાર થયો. ચીન જાણે છે કે ભારતીયો અને ભારતીય વેપારીઓ સસ્તાની લાલચમાં તેનો જ માલ ખરીદશે. જો આપણે ચાઈનીઝ માલ ખરીદવાનું બંધ કરતા અને ચીનની આયાત દસ ટકા પણ ઘટી ગઈ હોત તો ચીન ક્યારનું ય ભારત આગળ ઝૂકીને સમજૂતી કરવા મજબૂર થઈ ગયું હોત.

# ભાણવડના વેરાડ ગામે કન્યા શાળાના નવા ભવનનું ખાતમુહુર્ત





## રૂા.૮૨.૪૮ લાખના ખર્ચે ૫ નવા ઓરડાઓ સાથેનું બિલ્ડિંગ બનશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

ભાણવડ તાલુકાના વેરાડ ગામે કન્યા શાળાના નવા ભવનનું વિધિવત્ ખાતમુહુર્ત કર્યુ હતું. વેરાડ કન્યા શાળા માટે રૂા.૮૨.૪૮ લાખના ખર્ચે પાંચ નવા ઓરડાઓ સાથેનું સુવિધાયુક્ત બિલ્ડિંગ બનાવાશે, જેનું ખાતમુહુર્ત અહીંના ધારાસભ્ય અને રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે કરવામા આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી મુળુભાઈએ શાળામાં ચાલતી સહ શૈક્ષણિક પ્રવૃતિઓ અને જ્ઞાન સાધના, જ્ઞાન સેતુમાં ઉતીર્ણ થયેલી વિદ્યાર્થીઓની પ્રતિભાને બિરદાવીને જણાવ્યું હતું કે, આઝાદી પહેલા સ્થપાયેલી આ શાળા અવિરત શિક્ષણ સેવા આપી રહી છે. થોડા સમય પહેલા તાલુકા શાળાનું નવું ભવન તૈયાર થયું હતું, હવે કન્યા શાળાનું પણ નવું બિલ્ડિંગ તૈયાર થનાર છે. ભવિષ્યમાં શાળાનાં અપગ્રેડેશન માટે પણ આયોજન છે.

ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને શિક્ષણ સુવિધાઓ આપવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. મંત્રીએ ગામ અગ્રણીઓને બિલ્ડિંગનું બાંધકામ સારી રીતે થાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. ગ્રામજનોને 'સ્વચ્છતા હી સેવા અભિયાન'માં ઉત્સાહપૂર્વક જોડાવા અને ગ્રામપંચાયત ને સ્વચ્છતા જાળવવામાં મદદરૂપ થઈ 'મારૂ ગામ સ્વચ્છ ગામ' સાકાર કરવા અપીલ કરી હતી. નવા ભવન માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમજ ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. શાળાની બાળાઓ દ્વારા પુષ્પગુચ્છ આપીને મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામ સરપંચ, ગામના આગેવાનો, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, મામલતદાર, શાળા શિક્ષકો અને મોટી સંખ્યામાં છાત્રો સાથે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### બજરંગ દળની ૧૦ ટીમ રહેશે કાર્યરત

# નવરાત્રીમાં વિધર્મીઓના ગરબામાં પ્રવેશ પર પ્રતિબંધ

## ગાંધીનગરમાં નવરાત્રી દરમિયાન બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો ગરબાના સ્થળ પર તપાસ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૧

નવરાત્રીના તહેવારની હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે ગરબા આયોજકો દ્વારા તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. ગઈકાલે ગાંધીનગરમાં ગરબાના આયોજકો અને બજરંગ દળના કાર્યકરોની બેઠક મળી હતી. જેમાં વિધર્મીઓને ગરબામાં પ્રવેશ નહીં કરવા દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નવરાત્રીના તહેવારની હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે ગરબા આયોજકો દ્વારા તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. ગઈકાલે ગાંધીનગરમાં ગરબાના આયોજકો અને બજરંગ દળના કાર્યકરોની બેઠક મળી હતી. જેમાં વિધર્મીઓને ગરબામાં પ્રવેશ નહીં કરવા દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરોએ પણ આ નિર્ણયમાં સમર્થન આપ્યુ છે.માતાજીની આરાધના અને હિન્દુઓ માટે આસ્થાના પ્રતિક સમાન નવરાત્રીના ગરબાના આયોજન અંગે બજરંગ દળના કાર્યકરોએ ગરબા આયોજકો સાથે ગાંધીનગરમાં બેઠક કરી હતી.

ગાંધીનગરમાં નવરાત્રી દરમિયાન બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો ગરબાના સ્થળ પર તપાસ કરશે..અને જો કોઈ વિધર્મી ગરબામાં પ્રવેશ કરશે તો અટકવશે..બજરંગ દળની ૧૦ જેટલી ટીમો નવરાત્રી દરમિયાન કાર્યરત રહેશે. ઉપરાંત ગરબામાં પ્રવેશ આપતા પહેલા તિલક અને ગૌમુત્રનો છંટકાવ કરવામાં આવશે.

# ઓઝત ડેમના દરવાજા ખોલાતા અનેક ગામો સંપર્ક વિહોણા

## સરેરાશ ચાલુ સીઝનનો અત્યાર સુધીનો ૭૧.૬૧ ઈંચ વરસાદ નોંધાયો છે જેથી લોકોનું જીવન અસ્તવ્યસ્ત જોવા મળી રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

જૂનાગઢ, તા.૧

જૂનાગઢ શહેરમાં ભારે વરસાદ નોંધાયો છે. જેના કારણે આખું શહેર પાણી-પાણી થઈ ગયું છે. જ્યાં જુઓ ત્યાં પાણી જ જોવા મળી રહ્યું છે.

ઢીંચણસમા પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ ઉપરવાસમાં વધુ વરસાદને કારણે ઓઝત ડેમના દરવાજા ખુલતા ઘેડ વિસ્તારમાં પાણી ફરી વળ્યા છે.જૂનાગઢના વંથલી, માણાવદર તાલુકાના ગામડાઓમાં ભારે વરસાદને લીધે અનેક મુશ્કેલીઓ સર્જાય રહી છે. કેશોદ પંથકના પણ અમુક ગામડામાં આ પ્રકારની પરિસ્થિતિને કારણે ગામ સંપર્ક વિહોણા બન્યા છે.

જેને લઈને હોસ્પિટલ સહિતની જરૂરિયાતની આવશ્યક સેવાઓ લેવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદમાં ઘેડ પંથકમાં પાણી ભરાતા સ્થાનિક લોકો દ્વારા ગામોમાં રસ્તો ઊંચો કરવા માટે માંગ કરવામાં આવી રહી છે. હાલના સમયમાં રસ્તો ખૂબ નીચો હોવાથી અવરજવર માટે લોકોને પારાવાર મુશ્કેલી સર્જાય છે. જેથી ગ્રામજનો દ્વારા રસ્તો ઊંચો કરવાની માંગ કરવામાં આવી રહી છે.

છેલ્લા ૨૪ કલાકમાં પડેલા વરસાદની સ્થિતિ જોઈએ તો જૂનાગઢમાં ૩.૬૪ ઈંચ, માણાવદરમાં ૦, વંથલીમાં ૧.૪૪ ઈંચ, ભેસાણમાં ૧.૫૨ ઈંચ, વિસાવદરમાં ૪.૪૮ ઈંચ, મેંદરડામાં ૨.૮ ઈંચ, કેશોદમાં ૧૯ મીમી, માંગરોળમાં ૦, માળિયા હાટીના ૨૧ મીમી, ગિરનાર પર્વત પર સર્વાધિક ૫.૪ ઈંચ વરસાદ નોંધાયો છે.

## સાવરકુંડલાના ભાજપના નેતા પર થયેલો જીવલેણ હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમરેલી, તા.૧

અમરેલી જિલ્લામાં ભાજપના નેતા પર જીવલેણ હુમલો થતાં સનસનાટી મચી ગઈ છે. હવે જો રાજકીય આગેવાનો પર જ આ પ્રકારના હુમલા થતાં હોય તો પછી સામાન્ય લોકોની તો શું સ્થિતિ થાય તેવા સવાલ લોકો ચોરેને ચૌટે પૂછી રહ્યા છે.

# જલારામ ધામ વીરપુર ખાતે રઘુવંશી સમાજના મહા સંમેલનમાં જોડાયા ખંભાળિયાના રઘુવંશી આગેવાનો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

અખિલ ગુજરાત લોહાણા સમાજના ગઈકાલે રવિવારે વીરપુર ખાતે યોજાયેલા મહાસંમેલન તથા નવનિર્વાચિત પ્રમુખને આવકારવાના આયોજનમાં ફક્ત સૌરાષ્ટ્ર કે ગુજરાતના જ નહીં, પરંતુ અન્ય પ્રાંતના રઘુવંશી ભાઈઓ-બહેનોની ખાસ ઉપસ્થિતિમાં ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ આયોજનમાં ખંભાળિયા મહાજનના ટ્રસ્ટી સહિતના આગેવાનો અને હોદ્દેદારો પણ જોડાયા હતા. અખિલ ગુજરાત લોહાણા સમાજના નવા પ્રમુખ તરીકે હાલારના અગ્રણી અને સેવાભાવી યુવા કાર્યકર જીતુભાઈ લાલની નિયુક્તિ કરવામાં આવી છે. આ વરણીને આવકારવા માટે તથા સાથે સાથે જ્ઞાતિના મહા સંમેલન પ્રસંગે વીરપુર ધામ ખાતે ઉમટી પડેલા રઘુવંશી જ્ઞાતિના શ્રેષ્ઠીઓ, આગેવાનોમાં ખંભાળિયાના લોહાણા મહાજનના ટ્રસ્ટી કમલેશભાઈ વિઠલાણી, પ્રતાપભાઈ દતાણી, નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોહિતભાઈ મોટાણી, શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, પીઢ પત્રકાર રમણીકભાઈ રાડીયા, જેમિનીબેન યોગેશભાઈ મોટાણી, કાઉન્સિલર મહેશભાઈ રાડીયા, નિશીલભાઈ કાનાણી, કુંજનભાઈ રાડીયા, મનુઅદા સોમૈયા, કિરીટભાઈ મજીઠીયા, જયેશભાઈ નથવાણી, પરેશભાઈ સામાણી, હાર્દીક મોટાણી, સહિતના હોદ્દેદારો, આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા. જેમણે અખિલ ગુજરાત લોહાણા સમાજના નવ નિર્વાચિત પ્રમુખ જીતુભાઈ લાલનું સ્મૃતિ ભેટ વડે સન્માન કરી, આ વરણીને આવકારી હતી.

# દ્વારકા નગરપાલિકા દ્વારા હાઈસ્કુલ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



જામ ખંભાળિયા, તા. ૧

રાજ્ય સરકાર દ્વારા સેવા સેતુના દસમા તબક્કા અંતર્ગત સરકારના ૧૩ વિભાગોની વિવિધ ૫૫ જેટલી સુવિધાઓનો સીધો લાભ નાગરિકોને તેમના નજીકના સ્થળે આપવામાં આવી રહ્યો છે. જે અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લાની દ્વારકા નગરપાલિકા દ્વારા એન.ડી.એચ. હાઈસ્કુલ ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સરકારની અલગ અલગ યોજનાઓ અને સેવાઓ જેવી કે રેશનકાર્ડ, ઈ-કે.વાય.સી, આધારકાર્ડ અપડેટ, જન્મ મરણના પ્રમાણપત્ર, આવકના દાખલા સહિત અનેક યોજનાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ પર જ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો. આ સેવા સેતુ કાર્યક્રમમાં અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી માધ્યમિક શાળા સીમરનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા) ઊના તા.૩૦

ગીર-સોમનાથ જિલ્લા કક્ષાની શાળાકિય એથલેટિક્સ સ્પર્ધા ડી.એલ.એસ. સોમનાથ એકેડમી સંકુલ કોડીનાર મુકામે યોજાઈ હતી. જેમાં ઊના તાલુકાના સીમર ગામની શ્રી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને અંડર ૧૪માં સોલંકી કુલદીપ પાલાભાઈ લાંબી કુદમાં પ્રથમ, ૨૦૦ મીટર દોડમાં બીજા ક્રમે, અંડર-૧૯માં રાઠોડ રાજુ બાબુભાઈ વાસ કુદમાં પ્રથમ અને ઉંચી કુદમાં ત્રીજા ક્રમે, અંડર-૧૭માં સોલંકી આરતીબેન ભાણાભાઈ ૩૦૦ મીટર દોડમાં પ્રથમ અને લંગડી ફાળ કુદમાં બીજા ક્રમે, અંડર-૧૭માં ગુજરીયા શિલ્પાબેન સાર્દૂલભાઈ બરછી ફેંકમાં બીજા ક્રમે, મકવાણા જીજ્ઞાબેન પાચુંભાઈ લાંબી કુદમાં ત્રીજા ક્રમે, ડાભી દર્શનબેન બાલુભાઈ ચક્ર ફેંકમાં ત્રીજા ક્રમે વિજેતા થયા હતા. તમામને શ્રી સોરઠ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ કાનાભાઈ રામ, આચાર્ય અભેસિંહ પરમાર, કોચ પરેશભાઈ લાખનોત્રા, શાળાનો તમામ સ્ટાફ પરિવારે અભિનંદન આપેલ હતા અને પ્રથમ અને બીજા ક્રમે વિજેતા બનેલ સ્પર્ધકો રાજ્ય કક્ષા ભાગ લેવા જતા શુભેચ્છાઓ પાઠવી હતી.

# કેશોદ તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૧

વિદ્યાર્થીઓમાં રહેલી સુક્ષુપ્ત શકિતઓને બહાર લાવવા દરેક શાળામાં વિવિધ આયોજનો પ્રદર્શનોનું આયોજન કરવામાં આવતું હોય છે જેમાં શ્રેષ્ઠ કૃતીઓ તાલુકા જીલ્લા રાજ્ય કક્ષા સુધી સ્થાન મેળવી શાળા પરિવારનું તાલુકા જીલ્લામાં નામ રોશન કરે છે ત્યારે કેશોદ તાલુકા માધ્યમિક વિભાગના તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળાનું એસ એસ ડી ગાર્ડી વિદ્યાલય મેસવાણ મુકામે આયોજન થયુ હતું યોજાયેલ વિજ્ઞાન મેળામાં વિવિધ ગામોની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ પોતાની આવડત મુજબની કૃતિઓ રજૂ કરી વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રદર્શનમાં ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ કૃતીઓ પ્રદર્શનમાં રજુ કરી હતી જેમાંથી શ્રેષ્ઠ કૃતીઓ જીલ્લા કક્ષાએ રજુ થશે જેમાં પસંદગી પામનાર કૃતીઓ રાજ્ય કક્ષાએ રજુ કરી શાળા પરિવારનું તથા તાલુકા જિલ્લાનું નામ રોશન કરે તેવી શાળા પરિવારે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પ્રાણીમાત્રની સેવા કરવી એજ સાચી ઈશ્વરીય પૂજા છે.
- ગાંધીજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા વદ-૧૪ ચૌદશનું શ્રાધ્ધ, શસ્ત્ર-અસ્ત્ર-અકસ્માતથી મૃત્યુ પામેલાનું શ્રાધ્ધ તા.૧ ઓક્ટોબર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૨૭, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, શુક્લ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૪૪, સૂ.અ.૬:૩૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), સાંજે ૪:૦૧ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.
વૃષભ:જીવનસાથીનો સહકાર મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.
મિથુન:પડવા-વાગવાથી સંભાળવું. ગુપ્ત ચિંતા રહે.
કર્ક: પ્રવાસ-પર્યટનનું આયોજન થાય. ભાઈ-બહેનનો સહકાર મળે.
સિંહ: લાભની તક સાંપડે. નવિન કામગીરીની પ્રગતિ થાય.
કન્યા: પ્રિયજનથી મુલાકાત સફળ રહે. કાર્યમાં મન પરોવાય.
તુલા: યશ, માન, કીર્તિમાં વધારો થાય. છેતરાવવાનો પ્રસંગ બને.
વૃશ્ચિક:જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્નેહિજનોથી સ્નેહ રહે.
ધન: ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
મકર: નવિન શુભ સમાચાર મળે. ઉત્સાહમાં વધારો થાય.
કુંભ: સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આનંદનો અનુભવ થાય.
મીન: કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે.

# કુકર ફાટવાના કારણે આંખ ગુમાવનાર મહિલાને રૂા. ૧૦.૮૬ લાખ ચૂકવવા કંપનીને હાઈકોર્ટનો આદેશ




અમદાવાદ, તા.૧

વર્ષ ૧૯૮૧ એટલે કે લગભગ ૪૩ વર્ષ પહેલાં ઘરમાં રસોઈ કરતી વખતે પ્રેશર કુકર ફાટવાથી આંખે ગંભીર ઈજાઓ થવાથી એક આંખ ગુમાવવાના પ્રકરણમાં રૂપાલી ભાનુશાળી નામની મહિલાને રૂા.૧૦.૮૬ લાખનું વળતર વર્ષ ૨૦૨૦થી નવ ટકા વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ સંદીપ ભટ્ટ દ્વારા કુકર બનાવનાર કંપની ગોદરેજ એન્ડ બોયેસે મેન્યુફેકરર કંપની પ્રા.લિને કર્યો હતો. હાઈકોર્ટે આ હુકમ સામે સ્ટે આપવાની કંપનીની માંગણી પણ ફગાવી દીધી કારણ કે આ આ કેસ છેલ્લા ચાલીસ વર્ષ કરતા વધુ સમયથી ચાલી રહ્યો છે અને તેનું ફળ તેણીને મળવું જોઈએ. કેસની વિગત મુજબ, ઓકટોબર-૧૯૮૧માં રૂપાલી ભાનુશાળી જ્યારે તમના ઘરમાં રસોઈ કામ કરતા હતા ત્યારે તેમણે ખરીદેલું પ્રેશર કુકર ફાટયુ અને બ્લાસ્ટ થયો હતો. તેના કારણે આંખમાં ગંભીર ઈજા થતા તેની ડાબી આંખ કાઢી નાંખવી પડી હતી અને તેને આર્ટીફીશિયલ આંખ નંખાવવાની ફરજ પડી હતી. તેને ૪૦ સુધી અપગંતા આવી ગઈ હતી. એ વખતે પીડિત મહિલા ૨૦ વર્ષની હતી. આ બનાવ બાદ તેણીએ કુકર ઉત્પાદક કંપની ગોદરેજ અને બોયસે મેન્યુફેકચરીંગ કંપની પ્રા.લિ. વિરૂદ્ધ સિવિલ કોર્ટમાં સને ૧૯૮૪માં દાવો માંડયો હતો અને સાડા ત્રણ લાખ રૂપિયાનું વળતર માંગ્યું હતું. આ કેસમાં સિટી સિવિલ કોર્ટે વર્ષ ૧૯૯૭માં પીડિત મહિલાને છ ટકા વ્યાજ સાથે અઢી લાખ રૂપિયા વળતર ચૂકવી આપવા કંપનીને હુકમ કર્યો હતો. આ હુકમથી નારાજ થઈ કંપની દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અપીલ કરાઈ હતી. તો, સામે પીડિત મહિલા તરફથી પણ પોતાનું વળતર વધારવા માટે દાદ માંગતી અપીલ દાખલ કરવામાં આવી હતી. કંપનીએ બચાવ કર્યો કે, આ દુર્ઘટના માટે કંપની જવાબદાર નથી, ડિલરને જવાબદાર ઠરાવવા જોઈએ અને તેણે વળતર ચૂકવવું પડે. જો કે, આ કેસમાં ડિલર કેસ ચાલવા દરમ્યાન ગુજરી ગયો હોવાથી તેની વિરૂદ્ધનો કેસ પડતો મૂકાયો હતો. જો કે, હાઈકોર્ટે કંપનીની દલીલો ફગાવી હતી અને ઠરાવ્યું હતું કે, ખામીયુકત પ્રોડકટ વેચવા બદલ કંપની તેની જવાબદારીમાંથી છટકી શકે નહી. હાઈકોર્ટે આ સમગ્ર દુર્ઘટના માટે કંપનીને જવાબદાર ઠરાવી પીડિતા મહિલાનું વળતર પણ વધારતો હુકમ કર્યો હતો અને તેને રૂા. ૧૦.૮૬ લાખનું વળતરચૂકવી આપવા કંપનીને ફરમાન કર્યુ હતું. હાઈકોર્ટે ૨૦૨૦થી ૯ ટકા વ્યાજ સાથે રકમ ચૂકવી આપવા અને વળતરની રકમ ચાર સપ્તાહમાં સીધી પીડિત મહિલાના ખાતામાં જમા કરાવવા પણ કંપનીને ફરમાન કર્યું હતું.

# રાજ્યમાં વધુ એક અંધાપા કાંડ : ૧૦ દર્દીઓને મોતિયાના ઓપરેશન બાદ અંધાપાની અસર





અમદાવાદ, તા.૧

રાજયમાં વધુ એક અંધાપાકાંડ બહાર આવ્યો છે. જસદણ પાસે શિવાનંદ મિશન ટ્રસ્ટ હોસ્પિટલમાં આંખના ૩૦થી ૩૨ જેટલા દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યા હતા. જેમાંથી ૯થી ૧૦ જેટલા દર્દીઓને આંખમાં અંધાપાની અસર થતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. જસદણના વિરનગર ખાતે આવેલ શિવાનંદ મિશન હોસ્પિટલ જે ૧૯૫૬ની કાર્યરત છે, સેવાકીય ભાવનાથી ચાલતી આ હોસ્પિટલમાં ઓપરેશન કે અન્ય કોઈ પણ પ્રકારના ચાર્જ લેવામાં આવતા નથી. આ હોસ્પિટલમાં ૨૩ સપ્ટેમ્બરના રોજ ૩૨ જેટલા દર્દીઓને આંખના મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા હતા જેમાં ૯ જેટલા દર્દીઓને ઈન્ફેકશન લાગતા આંખના પડદા ઉપર અસર થતા અંધાપો આવતા વધુ સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સરવાર અર્થે ખસેડવામાં આવ્યા જેમાંથી નવ દર્દીઓની હાલ નાજુક તબિયત હોવાની માહિતી મળી રહી છે. એક દર્દીની તબિયત ગંભીર હોવાથી તેમને પ્રથમ રાજકોટ અને ત્યારબાદ અમદાવાદમાં ખાનગી હોસ્પિટલ ખાતે ખસાડવામાં આવ્યા હોવાની માહિતી મળી છે. સાથે જ આંખમાં ઈન્ફેકશન લાગવાની ઘટનાથી ગાંધીનગર આરોગ્ય વિભાગ અને રાજકોટ આરોગ્ય વિભાવ દ્વારા હોસ્પિટલમાં તપાસ કરીને હોસ્પિટલના ઓપરેશન થિયેટરને હાલ સિલ કરીને સેમ્પલ લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આંખની હોસ્પિટલની ઘટના મામલે ટ્રસ્ટીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે,શિવાનંદ મિશન હોસ્પિટલમાં સારવાર લીધેલ દર્દીઓને ફ્રીમાં ઓપરેશન કરી આપવામાં આવેલ છે, રાજકોટ અને ગાંધીનગરથી આવેલ આરોગ્ય ટીમે હોસ્પિટલમાં તપાસ કરી છે,આરોગ્ય વિભાગ દ્વારા હાલ ઓપરેશન વિભાગ સિલ કરાયો છે ઓપરેશન કરેલ ૩૦થી ૩૨ દર્દીમાંથી ૧૦ જેટલા દર્દીને અસર થઈ છે, જેથી આંખની અસર થયેલ દર્દીને જરૂર પડ્યે ટ્રસ્ટ તમામ મદદ પણ કરશે, જે બન્યું તેનાથી ટ્રસ્ટને પણ ઘણું દુઃખ થયું છે. હોસ્પિટલના ડોક્ટર સી.એલ.વર્માએ જણાવ્યું હતું કે,ગત ૨૩ તારીખે ૩૨ દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યા હતા, જે પૈકી ૧૦ જેટલા દર્દીઓને આંખમાં ઈન્ફેક્શનની અસર થઈ છે, જેમાં દર્દીઓને આંખમાં બળતરા થવી,આંખ લાલ થવી,તેમજ જાખું દેખાવ જેવી અસર થઈ છે, સાથે જ બનાવ બાબતે હોસ્પિટલ તરફથી સેમ્પલ લઈને રાજકોટ લેબોરેટરીમાં મોકલીને તપાસ શરૂ કરી છે, દર્દીઓને ચેપ કઈ રીતે લાગ્યો તે પ્રશ્ન છે પણ તપાસ શરૂ કરી છે અને વાતાવરણમાં પલ્ટો અને ભેજનું પ્રમાણ હોવાથી પણ ચેપ લાગ્યો હોઈ શકે તેવો ડોક્ટરે દાવો કર્યો છે, ગાંધીનગરની આરોગ્ય વિભાગની ટિમ દ્વારા પણ તપાસ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે,અને હોસ્પિટલ તરફથી પણ તપાસ શરૂ કરાઈ છે. દર્દીઓ ફરી આંખનો પાટો ખોલવા આવતા આંખમાં દેખાતું બંધ થઈ જવા સાથે અંધાપની અસર શરૂ થઈ હતી. તેમાં ૯થી ૧૦ દર્દીઓને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થ ખસેડાયા હતા, આંખમાં દેખાતું ન હોવાનું દર્દીઓ જણાવી રહ્યા છે. હાલ ખાનગી હોસ્પિટલમાંથી તમામ દર્દીઓને ફરીવાર શિવાનંદ હોસ્પિટલમાં સારવાર અર્થે લેવામાં આવ્યા છે અને તમામની હાલ સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

# ગુજરાતમાં હવે ૧૨ વાગ્યા સુધી નહીં પરંતુ આખી રાત ગરબા રમી શકાશે !



ગાંધીનગર, તા.૧

ગુજરાતમાં હવે ૧૨ વાગ્યા સુધી નહી પણ આખી રાત સુધી ગરબા રમી શકાશે કારણ કે, નવરાત્રિમાં ગરબા રમવાને લઈ ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ મોટી જાહેરાત કરી છે. એટલે કે હવે ગરબા માટે સમય મર્યાદા હટાવી દેવાઈ છે. આ ઉપરાંત નાના વેપારીઓ મોડી રાત સુધી વેપાર કરી શકશે અને પોલીસ તેમની ફરજનું પાલન પણ કરશે. સાથે સાથે પોલીસને તે અંગેની સૂચનાઓ પણ આપવામા આવી છે. નાગરિકો પણ જવાબદારી નિભાવે અને કોઈને તકલીફ ના પડે તેવું કામ કરે, લોકો હેરાન ન થાય તેની જવાબદારી નાગરિકોની રહેશે તેમ મંત્રીએ જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, ગુજરાતમાં મોડી રાત સુધી ગરબા રમવા માટે લીલીઝંડી આપી છે.મંત્રીએ કહ્યું કે, ગુજરાતીઓ ગરબા નહી રમે તો કોણ રમશે ? ત્યારે આ જાહેરાત થતાની સાથે જ ખેલૈયાઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. વધુમાં પોલીસને નાગરિકો સહકાર આપે તેવી અપીલ પણ તેમણે કરી છે અને મોડી રાત સુધી વેપારીઓ વેપાર કરી શકશે જેથી ખેલૈયાઓને મોડી રાત સુધી નાસ્તો પણ બજારમાંથી મળી રહેશે. વધુમાં ગૃહમંત્રીએ અપીલ કરી છે કે, નવરાત્રીના સમય દરમ્યાન તમે જ્યાં ગરબા રમવા જવાના હોય તેનું એડ્રેસ અને જેમની સાથે જવાના હોય એ સાથીદારો/મિત્રોના મોબાઈલ નંબર તમારા પરિવારજનોને આપીને ગરબા રમવા જજો. ગરબા રમવા જાઓ ત્યારે આપના મોબાઈલ ફોનના સેટિંગમાં ગૂગલ લોકેશન ફિચર હંમેશા ઓન રાખજો તેમજ અજાણી અથવા ઓછા પરિચયવાળી વ્યક્તિઓ દ્વારા ઓફર કરાયેલા પીણાં, કોલ્ડ ડ્રિક્સ કે ખાધ્ય પદાર્થ ખાશો નહીં. અપરિચિત વ્યક્તિઓ સાથે સોશિયલ મીડિયા ઉપર વ્યક્તિગત બાબતો, ફોટોગ્રાફ્સ કે વીડિયો શેર કરશો નહીં તેમજ અજાણી વ્યક્તિ સાથે એકાંતવાળી જગ્યાએ જશો નહી. વધુમાં તેમણે કોંગ્રેસ ઉપર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે ગુજરાતીઓ ગુજરાતમાં ગરબા નહિ રમે તો ક્યાં જઈને રમશે ? કોંગ્રેસને કોર્ટમાં જવું હોય તો જાય આ વર્ષે પણ ગુજરાતમાં આખી રાત ગરબા થશે. જો કે મંત્રીએ રાત્રે ૧૨-૦૦ વાગ્યા પણ લાઉડ-સ્પીકર નહિ વગાડવાના કોર્ટના આદેશ અન્વયે સવાલના જવાબમાં કંઈ બોલવાનું ટાળ્યું હતું.

# આયુર્વેદ- હોમિયોપેથીમાં બીજા રાઉન્ડના પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો

અમદાવાદ, તા.૧

પ્રવેશ સમિતિ દ્વારા આયુર્વેદ અને હોમિયોપેથીમાં બીજા રાઉન્ડની ચોઈસ ફિલીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પ્રવેશ સમિતિ દ્વારા બીજા રાઉન્ડની કાર્યવાહી માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં બીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી માટે વિદ્યાર્થીઓ ૩ ઓક્ટોબર સુધી ચોઈસ ફિલીંગ કરાવી શકશે. આયુર્વેદમાં ૧૭૯૦ અને હોમિયોપેથીમાં ૧૮૯૫ બેઠકો ઉપર બીજા રાઉન્ડમાં પ્રવેશ ફાળવવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અન્ડર ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશનલ કોર્સિસ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્નાતક કક્ષાના આયુર્વેદ અને હોમિયોપેથી કોર્સમાં બીજા રાઉન્ડની ચોઈસ ફિલીંગની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી છે. જે અંગેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. બીજા રાઉન્ડની ચોઈસ ફિલીંગની કાર્યવાહી શનિવારથી શરૂ કરવામાં આવી છે અને ૩ ઓક્ટોબરના રોજ બપોરના ૧૨ વાગ્યા સુધી ચોઈસ ફિલીંગ કરી શકાય તેવી વ્યવસ્થા પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત ૩ ઓક્ટોબરના રોજ બપોરના ૨ વાગ્યાના સુમારે ઉમેદવારો દ્વારા ભરવામાં આવેલી ચોઈસ જોઈ શકાશે. બીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહીમાં **BAMS** કોર્સીસની ૧૦૮૨ બેઠકો નોન રીપોર્ટેડ, ૩૯ બેઠકો રદ થયેલી તથા ૩૬૧ **NRI** અને **PWD** નોન-કન્વર્ટેડ અને નવી આવેલી ૩૦૮ એમ કુલ ૧૭૯૦ બેઠકો ઉપર પ્રવેશ ફાળવવામાં આવશે. જયારે **BHMS** કોર્સીસની ૧૩૨૭ બેઠકો નોન રીપોર્ટેડ, ૩૧ બેઠકો રદ થયેલી તથા ૫૩૭ **NRI** અને **PWD** નોન કન્વર્ટેડ એમ કુલ ૧૮૯૫ બેઠકો ઉપર પ્રવેશ ફાળવવામાં આવશે.

# ગુરૂગ્રામ પોલીસે માહિતી ન આપવા બદલ વ્હોટ્સએપ ડિરેક્ટરો સામે કેસ દાખલ કર્યો

(એજન્સી) તા.૧

ચાર કરોડ રૂપિયાની છેતરપિંડી અને આર્થિક ગુનાના કેસમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વ્હોટ્સએપ વતી સાયબર સ્ટેશન પોલીસ (પૂર્વ)ને માહિતી ન આપવાના આરોપમાં, સાયબર સ્ટેશન પોલીસ (પૂર્વ) એ વ્હોટ્સએપના ડાયરેક્ટર અને નોડલ ઓફિસર વિરૂધ્ધ વિવિધ કલમો હેઠળ કેધ્ નોંધ્યો છે. આરોપ છે કે, પોલીસ ત્રણ મહિના સુધી વ્હોટ્સએપના ઉચ્ચ અધિકારીઓનો સંપર્ક કરતી રહી, પરંતુ તેમના દ્વારા માહિતી આપવામાં આવી ન હતી. પ્રાપ્ત માહિતી અનુસાર છેતરપિંડી કરનારાઓએ સાયબર પોલીસ સ્ટેશન પૂર્વ વિસ્તારમાં એક ખાનગી કંપનીના અધિકારી સાથે લગભગ ૪ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. પોલીસે પીડિતાની ફરિયાદ ઉપર જૂનમાં કેસ નોંધ્યો હતો. તે પછી મામલાની તપાસ કરતી વખતે પોલીસે ૧૭ જુલાઈ, ૨૦૨૪ના રોજ ઈલેક્ટ્રોનિક મેઈલ દ્વારા નોટિસ આપી, જેમાં વ્હોટ્સએપ અધિકારીઓ પાસેથી માહિતી માંગી. પોલીસનો આરોપ છે કે, વ્હોટ્સએપ અધિકારીઓ દ્વારા આ અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. આટલું જ નહીં, પોલીસે ગેરકાયદેસર રીતે વાંધો ઉઠાવ્યો હોવાનો પણ આક્ષેપ કર્યો છે. આ પછી ૨૫ જુલાઈ, ૨૦૨૪ના રોજ ફરીથી તે મોબાઈલ નંબરો માટે જરૂરી માહિતી માંગવામાં આવી હતી, પરંતુ વ્હોટ્સએપ અધિકારીઓ દ્વારા ફરીથી કોઈ માહિતી આપવામાં આવી ન હતી.

# સાચી સમાનતા અને ન્યાય માટે રાજકારણમાં વધુ મહિલાઓની જરૂર છે : રાહુલ ગાંધી

નવી દિલ્હી તા.૧

સાચી સમાનતા અને ન્યાય માટે રાજકારણમાં વધુ મહિલાઓની જરૂર છે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મહિલાઓને વિનંતી કરી કે જેઓ વાસ્તવિક પરિવર્તન લાવવા માટે ઉત્સાહી છે તેઓ 'શક્તિ અભિયાન'માં જોડાય જેનો હેતુ 'મહિલાઓના હિત માટે 'રાજકારણમાં' સમાન જગ્યા બનાવવાનો છે. ગાંધીએ **X** ઉપર કહ્યું કે, "એક વર્ષ પહેલાં, અમે રાજકારણમાં મહિલાઓના અવાજને વધારવાના મિશન સાથે 'ઈન્દિરા ફેલોશિપ' શરૂ કરી હતી. આજે, આ પહેલ મહિલા નેતૃત્વ માટે એક શક્તિશાળી ચળવળમાં વિકસ્યું છે." તેમણે કહ્યું કે, "સાચી સમાનતા અને ન્યાય માટે રાજકારણમાં વધુ મહિલાઓની જરૂર છે. 'આધી આબાદી, પૂરા હક' આ હેતુ માટે અમારી અતૂટ પ્રતિબદ્ધતાને મૂર્ત બનાવે છે." તેમણે કહ્યું, "હું એવી તમામ મહિલાઓને વિનંતી કરૂ છું કે જેઓ વાસ્તવિક પરિવર્તન લાવવા માટે 'શક્તિ અભિયાન'માં જોડાય અને મહિલા કેન્દ્રિત રાજકારણમાં સક્રિય સહભાગી બને. સામેલ થવાથી, તમે મજબૂત પાયાના સંગઠનો બનાવવા અને અર્થપૂર્ણ પરિવર્તન ચલાવવામાં યોગદાન આપશો. અમારી સાથે જોડાઓ અને આજે **http:haktiabhiyan.in** ઉપર નોંધણી કરો. ગાંધીએ જણાવ્યું કે સાથે મળીને આપણે ગામડાઓથી લઈને સમગ્ર દેશમાં પરિવર્તન લાવી શકીએ છીએ." 'શક્તિ અભિયાન', ભારતીય યુથ કોંગ્રેસની પહેલ, શાસનના તમામ સ્તરો ઉપર 'મહિલાઓ દ્વારા મહિલાઓના પ્રતિનિધિત્વ' દ્વારા સંચાલિત, રાજકારણ અને નિર્ણય લેવામાં 'મહિલાઓના હિતો' માટે સ્થાનિક સંસ્થાઓ, વિધાનસભાઓ અને સંસદમાં સમાન જગ્યા બનાવવાનો હેતુ ધરાવે છે. ઈન્દિરા ફેલોશિપ એ ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના સન્માનમાં રાજકીય ક્ષેત્રે મહિલાઓના અવાજને વિસ્તૃત કરવા અને આપણા સમાજમાં ખૂબ જ જરૂરી પરિવર્તન લાવવાની પહેલ છે.

# તિરૂપતિ લાડુ વિવાદ, ખ્રિસ્તી ધર્મ પાળતા જગન રેડ્ડી, હિંદુ મંદિરને સરકારના નિયંત્રણમાંથી મુક્ત કરવા જેવી અનેક ઘટનાઓ સાથે આંધ્રપ્રદેશની રાજનીતિમાં ઘમસાણ

(એજન્સી) તા.૧

ભારતના સૌથી ધનાઢ્ય હિંદુ મંદિરમાં લાડુના પ્રસાદનો વિવાદ આંધ્રપ્રદેશની રાજનીતિમાં અચાનક વણાક લાવ્યું છે અને તિરૂપતિ લાડુમાં પશુ ચરબીના કથિત ઉપયોગને હવે "સનાતન ધર્મનું અપમાન" કહેવામાં આવી રહ્યું છે. લોકોના આક્રોશના એક અઠવાડિયા પછી, બીફ ટેલો ઉપર લેબના પરિણામો, પ્રેસ કોન્ફરન્સ, ટેન્ડરિંગ પ્રક્રિયાઓની ચકાસણી અંગે અને પૂજારીઓ દ્વારા શુદ્ધિકરણ સમારોહ, તિરૂપતિ મંદિરની મુલાકાત કોણ લઈ શકે છે અને કોણ નર જઈ શકે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત થયું છે.

ભૂતપૂર્વ સીએમ જગન મોહન રેડ્ડીએ હાલમાં તેમની મંદિરની મુલાકાત રદ કરી અને કહ્યું કે રાજ્યમાં હવે રાક્ષસો સત્તામાં છે. તે બધાની શરૂઆત સીએમ નાયડુના સનસનાટીભર્યા દાવાથી થઈ હતી કે લાડુ માટે શુદ્ધ ઘીની જગ્યાએ પશુઓની ચરબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ત્યારે ભગવાન વેંકટેશ્વરના લાખો ભકતોને આંચકો લાગ્યો હતો. તિરૂપતિ, વિશ્વના સૌથી ધનાઢ્યર મંદિરોમાંનું એક છે, જે વાર્ષિક રૂા.૫,૦૦૦ કરોડથી વધુની કમાણી કરે છે અને દરરોજ ૭૫,૦૦૦થી એક લાખ યાત્રાળુઓ દર્શન કરે છે. તેમાં ભારતના રાષ્ટ્રપતિ, વડા પ્રધાન, **CJI** અને મુખ્યમંત્રીઓથી માંડીને અંબાણી જેવા ટોચના ઉદ્યોગપતિઓ અને હસ્તીઓની લાંબી યાદીનો સમાવેશ થાય છે. તેના પ્રમુખ દેવતા ભગવાન વેંકટેશ્વર છે અને પ્રસાદમાં લાડુ સૌથી વિશેષ સ્થાન ધરાવે છે. ખૂબ જ લોકપ્રિય તિરુપતિ લાડુએ ૨૦૦૯થી **GI** ટેગ પણ ધરાવે છે. મંદિરના રસોડામાં દરરોજ લગભગ ૩.૫ લાખ લાડુ બનાવવામાં આવે છે, દરેકનું વજન ૧૭૦ ગ્રામ છે અને તે ૫૦ રૂપિયામાં વેચાય છે. એકલા લાડુના વેચાણથી જ વાર્ષિક રૂા.૫૦૦ કરોડથી વધુની કમાણી થાય છે. આ પવિત્ર મીઠાઈ ઉચ્ચ-ગુણવત્તાના ઘટકોનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છેઃ ચણાનો લોટ, ખાંડ, એલચી, કાજુ, બદામ, અને શુદ્ધ ઘી. તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમ **(TTD)**, મંદિરનું બોર્ડ, દર છ મહિને ઈ-ટેન્ડરિંગ પ્રક્રિયા દ્વારા પસંદ કરાયેલ સપ્લાયર્સ પાસેથી દરરોજ વપરાતું ૧૫ ટન ઘી મેળવવા માટે દર વર્ષે રૂા.૨૦૦ કરોડથી વધુ ખર્ચ કરે છે.

ગુજરાત સ્થિત નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ **(NDDB) CALF** લેબ દ્વારા કરવામાં આવેલા સેમ્પલ ટેસ્ટમાં તામિલનાડુ સ્થિત સપ્લાયરના ઘીના ચાર ટેન્કરમાં પશુ ચરબીની્ ભેળસેળ કરવામાં આવી હતી તે પછી આ ઘી રાજકીય દારૂગોળો બની ગયો હતો. ચંદ્રબાબુ નાડુએ સીએમ તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી આ ઘી સપ્લાય કરવામાં આવ્યું હોવા છતાં, તેમની દલીલ એવી છે કે સપ્લાયરએઆર ડેરી, ડિંડીગુલ-ને ટીટીડી દ્વારા પસંદ કરવામાં આવ્યું હતું જયારે જગનની આગેવાની હેઠળની વાયએસઆરસીપી સત્તામાં હતી. આવા મંદિરોને રાજ્યના નિયંત્રણમાંથી 'મુક્ત' કરવાની નવેસરથી માંગ સાથે પણ વિવાદ ઊભો થયો છે. **TTD**, જે તિરૂપતિ મંદિરનું સંચાલન કરે છે અને આંધ્ર સરકારની દેખરેખ હેઠળ કાર્ય કરે છે. નાયબ મુખ્ય પ્રધાન અને જનસેનાના પ્રમુખ પવન કલ્યાણે હવે દેશભરના હિંદુ મંદિરોને લગતા તમામ મુદ્દાઓને ઉકેલવા અને ધાર્મિક મંદિરોની પવિત્રતા જાળવવા માટે સનાતન ધર્મ રક્ષા બોર્ડની રચના કરવાની માંગ કરી છે. તેમના આ કોલને વિશ્વ હિંદુ પરિષદ **(VHP)** સહિત વિવિધ હિંદુ સંસ્થાઓનો ટેકો મળ્યો છે, અને તેમણે રાજ્ય સરકારના નિયંત્રણમાંથી "મંદિરોને મુક્ત" કરવા માટે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. હૈદરાબાદ લોકસભા સીટ માટે અસદુદ્દીન ઓવૈસી સામે ચૂંટણી લડનારા અને હારી જનારા તેલંગાણાના બીજેપી નેતા કે માધવીલથા જેવા હિન્દુત્વવાદીઓ પણ આ લડાઈમાં કૂદી પડ્યા છે. તિરૂપતિ લાડુ વિવાદે જગન મોહન રેડ્ડી અને ચંદ્રાબાબુ નાયડુ વચ્ચેની રાજકીય દુશ્મનાવટને વધારી છે. કેટલાક તેને નાયડુની જગન ઉપર પ્રહાર કરવાની તક તરીકે જુએ છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં, નાયડુ, જે તે સમયે વિપક્ષી નેતા હતા, આંધ્ર પ્રદેશ **CID** દ્વારા રૂા. ૩૭૧ કરોડના કૌશલ્ય વિકાસ કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી હતી અને ૫૦ દિવસથી વધુ જેલમાં વિતાવ્યા હતા. બરાબર એક વર્ષ પછી, નાયડુએ જગનને પ્રાણી-ચરબીમાં લાડુ વિવાદથી ઘેરી લીધા છે. રાજકીય નિરીક્ષકો કહે છે કે નાયડુ દ્વારા જગનને "હિંદુ વિરોધી" તરીકે દર્શાવવાથી, હિન્દુ મતદારોમાં **YSRCP** ના સમર્થનને નુકસાન થઈ શકે છે. જો કે, ટીડીપી નેતાઓ દલીલ કરે છે કે એઆર ડેરી દ્વારા પૂરા પાડવામાં આવેલા અન્યા્ છ ટેન્કરમાં સંભવતઃ દૂષિત ઘી છે. આ ઘીનો ઉપયોગ લાડુ બનાવવા માટે થતો હતો અને તેમના મતે એક મહાન પાપ કરવામાં આવતું હતું. જો કે તેની ભેળસેળ માટે ક્યારેય પરીક્ષણ કરવામાં આવ્યું ન હતું. જગનની મુદત પૂરી થયા પછી-જૂન અને જુલાઈમાં ભેળસેળયુક્ત ઘીની ડિલિવરી કરવામાં આવી હતી-ટીડીપીએ ૩૨૦ રૂપિયા પ્રતિ કિલોના શંકાસ્પદ સસ્તા ભાવે **AR** ડેરી પસંદ કરવા માટે અને **TTD** ના નબળા ગુણવત્તા નિયંત્રણ પગલાં માટે **YSRCP**ને દોષી ઠેરવ્યું હતું. તિરૂમાલા પહાડીઓ ઉપર કથિત ખ્રિસ્તી ધર્મ પરિવર્તનથી લઈને **TTD**માં ભ્રષ્ટાચાર સુધી, આંધ્રપ્રદેશના સીએમ તરીકે, જગનને વારંવાર હિંદુ વિરોધી હોવાના આરોપોનો સામનો કરવો પડ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના નેતાઓ સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવી રાખનાર જગને મોદીને પત્ર લખીને વિનંતી કરી હતી કે તિરૂપતિ લાડુ ઉપર જૂઠાણું ફેલાવવા માટે નાયડુને "ઠપકો" આપવામાં આવે. શ્રી નાયડુએ કરોડો હિન્દુ ભક્તોના મનમાં જે શંકાઓ ઊભી કરી છે તેને દૂર કરવામાં મદદ કરશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ઘી મામલે આંધ્ર પ્રદેશ સરકાર પાસેથી રિપોર્ટ મંગાવ્યો છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા **(FSSAI)** એ એઆર ડેરીને કારણદર્શક નોટિસ પણ જારી કરી છે, જે કોઈપણ ગેરરીતિને નકારે છે. દરમ્યાન **TTD**ના પ્રાપ્તિ અધિકારીઓએ તિરુપતિ પોલીસ સ્ટેશનમાં ડેરી સામે છેતરપિંડી અને ભેળસેળનો આરોપ લગાવીને પોલીસ ફરિયાદ નોંધાવી છે. કાનૂની મોરચે, **YSRCP** એ પાર્ટીના સાંસદ અને **TTD**ના ભૂતપૂર્વ અધ્યક્ષ વાયવી સુબ્બા રેડ્ડીએ નાયડુના આરોપોની ન્યાયિક તપાસની વિનંતી કરીને હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં, મંદિરમાં નાયડુની સૂચનાઓ ઉપર આ કથિત દૂષણથી કોઈપણ દુષ્ટતાને દૂર કરવા માટે શુદ્ધિકરણ વિધિ અને શાંતિ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.

‘વિશ્વ હૃદય દિવસ’ અંતર્ગત

# જૂનાગઢમાં ૧૦૮ ઈમરજન્સી દ્વારા જાહેર જનતાના આરોગ્યની તપાસણી હાથ ધરાઈ










જૂનાગઢ તા. ૧

ગઈકાલે૧૦૮ ઈમરજન્સી સેવા જૂનાગઢ દ્વારા જિલ્લાના જુદા જુદા સ્થળો પર જાહેર જનતાનું આરોગ્ય તપાસ કરી હૃદય રોગથી તંદુરસ્ત રહેવા જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. કાર્ડિયોવેસ્ક્યુલર રોગો (CVD) વિષે જાગૃતિ લાવવા માટે દર વર્ષે ૨૯ સપ્ટેમ્બરે વિશ્વ હૃદય દિવસ ઉજવવામાં આવે છે. ગુજરાતમાં, ૧૦૮ ઈમરજન્સી સેવાઓ હૃદય સંબંધિત સમસ્યાઓથી પીડિત લોકોને સમયસર તબીબી સહાય પૂરી પાડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

વિશ્વ હૃદય દિવસ હૃદયરોગના સ્વાસ્થ્યના મહત્વ અને વૈશ્વિક સ્તરે હૃદયરોગ સામે લડવા માટે જરૂરી સતત પ્રયત્નો માટે મહત્વપૂર્ણ યાદ પત્ર તરીકે સેવા આપે છે.૧૦૮ EMRI GHS હૃદયના સ્વાસ્થ્ય વિષે જાગૃતિ લાવવા, નિવારક પગલાને પ્રોત્સાહન આપવા અને સુલભ કટોકટીની સંભાળ પૂરી પાડવા માંટે લોકોમાં જાગૃતિ લાવવા માટે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે.

માનવ હૃદય માત્ર એક મુઠ્ઠી જેટલું જ છે, પરંતુ તે શરીરમાં સૌથી મહત્વ ના સ્નાયુઓ છે. હૃદયના દરેક ધબકારા સાથે, હૃદય લોહીને પમ્પ કરે છે, શરીરના દરેક ભાગમાં ઓક્સિજન અને પોષક તત્વોનું વહન કરે છે. કાર્ડિયોવાસ્ક્યુલર ડિસીઝ (CVD) એ રોગોનો એક વર્ગ છે જે હૃદયને અસર કરે છે. અથવા રક્તવાહિનીઓ (નસો અને ધમનીઓ) તે સામાજિક-આર્થિક, વર્તણૂકીય અને પર્યાવરણીય જોખમી પરિબળોના સંયોજનને કારણે થઈ શકે છે, જેમાં હાઈ બ્લડપ્રેશર, બિનઆરોગ્યપ્રદ આહાર, ઉચ્ચ કોલેસ્ટ્રોલ, ડાયાબિટીસ, વાયુ પ્રદૂષણ, સ્થૂળતા, તમાકુનો ઉપયોગ, કિડની રોગ, શારીરિક નિષ્ક્રિયતા, દારૂનો હાનિકારક ઉપયોગ અને તણાવનો સમાવેશ થાય છે. ઉપરાંત કૌટુંબિક ઈતિહાસ, વંશીય અને ઉંમર પણ વ્યક્તિના કાર્ડિયોવેસ્ક્યુલર રોગના જોખમને અસર કરી શકે છે. હૃદય રોગથી રક્ષણ તથા તંદુરસ્ત રહેવા આટલું કરવું જરૂરી છે. જેમાં સ્વસ્થ આહાર લેવો, નિયમિત કસરત કરવી, ધૂમ્રપાન તથા આલ્કોહોલનું સેવન કરવું નહીં, તંદુરસ્ત વજન જાળવી રાખો, તણાવ પર નિયંત્રણ મેળવવું, પૂરતી ઊંઘ લેવી, બ્લડપ્રેશર અને સુગર તથા હેલ્થ ચેકઅપ સમયે સમયે તપાસ કરાવતા રહેવું, છતાં કોઈપણ જાતની ઈમરજન્સી જણાય તો તુરંત જ ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક કરવો તેમ એક યાદીમાં જણાવેલ છે.

# વીરપુર ખાતે અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકે જીતુભાઈ લાલે પદ ગ્રહણ કર્યુ




વીરપુર તા. ૧

સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વીરપુરમાં અખિલ ગુજરાત લોહાણા સમાજના નવ નિર્વાચીત અધ્યક્ષના પદગ્રહણ સમારોહ યોજાયો હતો. આ સંમેલનની શરૂઆતમાં પૂ.જલારામ બાપાના પરિવારના રસિકરામ બાપાએ દીપ પ્રાગટ્ય કરીને આશીર્વચન પાઠવ્યા હતા. ત્યારબાદ જીતુભાઈ લાલે ગુજરાત લોહાણા સમાજનું પ્રમુખ પદ ગ્રહણ કર્યું હતું. નવનિયુક્ત પ્રમુખ જીતુભાઈ લાલએ પૂ.જલારામ બાપાના પરિવારના પૂ. રસિકરામ બાપાના આશિર્વાદ લીધા હતા. આ મહા સંમેલનમાં ૧૧૫ મહાજનના પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. લોહાણા સમાજના મહા સંમેલનમાં જૂનાગઢના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂ તેમજ રઘૂવંશી સમાજના વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, અબડાસાના પૂર્વ ધારાસભ્ય નીમાબેન આચાર્ય અને જૂનાગઢના પૂર્વ મેયર ગિરીશ કોટેચા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ગિરીશભાઈ કોટેચાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે લોહાણા સમાજની વસ્તી વધુ હોય ત્યાં ટિકિટ આપવી જોઈએ. પહેલા લોહાણા સમાજના ૬ ધારાસભ્ય હતા અત્યારે હાલ એક જ ધારાસભ્ય છે. ત્યારે દરેક સમાજની સાથે લોહાણા સમાજ સાથે હોઈ ત્યારે ધારાસભ્યની ચૂંટણી જીતવી સહેલી થઈ જાય છે. ત્યારે બધી સીટ ઉપર ટિકિટ નથી જોતી પણ જ્યાં વધુ લોહાણા સમાજની વસ્તી હોઈ ત્યાં ટિકિટની આશા હોઈ છે. રાજકોટમાં લોહાણા સમાજની બે લાખ લોકોની વસ્તી છે. ત્યાં ટિકિટની આશા રાખી શકાય તેમ પૂર્વ મેયર ગિરીશ કોટેચા જણાવ્યું હતું. ત્યારે બીજી તરફ જૂનાગઢના પૂર્વ ધારાસભ્ય અને જૂનાગઢના સેવાના ભેખધારી મહેન્દ્ર મશરૂએ ગુજરાત લોહાણા સમાજના નવા પ્રમુખ જીતુભાઈ લાલને અભિનંદન આપ્યા હતા. આ તકે પ્રમુખ જીતુભાઈ લાલે વધુમાં જણાવ્યું હતું કે સવારે જલારામ બાપાને પ્રાર્થના કરેલ કે બાપા વરસાદનો સમય છે સાંજના સાત સુધીનો સમય વરસાદ ન આવે ત્યારે વીરપુરના આજુબાજુના પંથકમાં તેમજ જૂનાગઢ, રાજકોટ, ગોંડલ વરસાદ વરસ્યો હતો. પરંતુ વીરપુરમાં વરસાદ વરસ્યો ન હતો એક જલારામ બાપાનો પરચો જોવા મળ્યો હતો. ત્યારે પૂ. જલારામ બાપાના આશીર્વાદ લઈ લોહાણા સમાજ આગામી સમયમાં એક થાય તેવા પ્રયત્ન કરીશ તેમ જણાવ્યું હતું.

# દુનિયાના અમુક દેશોમાં આવતીકાલ બુધવારે કંકણાકૃતિ સૂર્યગ્રહણનો અદ્દભુત અવકાશી નજારો જોવા મળશે

## કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં : પેસિફિક, દક્ષિણ અમેરિકા, આર્જેન્ટીનામાં અદ્દભુત અવકાશી નજારો જોવા મળશે, વિજ્ઞાન જાથા દેશભરમાં ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે



અમદાવાદ તા.૧

દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં બુધવાર તા. ૨ જી ઓકટોબરે કંકણાકૃતિ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણનો અદ્દભુત અવકાશી નજારો જોવા મળશે. ભારતમાં સૂર્યગ્રહણ દેખાશે નહિ. વિશ્વભરમાં રોમાંચકારી ખગોળીય ઘટના નિહાળવા લાખો-કરોડો લોકો ઈન્તજાર કરી રહ્યા છે. આ ગ્રહણ પેસિફીક, દક્ષિણ અમેરિકાની દક્ષિણ બાજુ, દક્ષિણ ચીલી, આર્જેન્ટીના, એન્ટાર્કટિકામાં જોવા મળવાનું છે. ભારત જન વિજ્ઞાન જાથા દેશભરમાં ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે. સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી છે. ગ્રહણની અવધિ ૦૬ કલાક ૦૪ મિનિટની છે.

સંવત ૨૦૮૦ ભાદ્રપદ કૃષ્ણપક્ષ અમાસને બુધવાર તા. ૨ જી ઓકટોબર, ૨૦૨૪ કન્યા રાશિ હસ્ત નક્ષત્રમાં થનારૂં કંકણાકૃતિ સૂર્યગ્રહણની ખગોળીય ઘટના બનવાની છે. આ ગ્રહણ ભારતમાં દેખાશે નહિ. આ ગ્રહણનો અદ્દભુત નજારો ખંડગ્રાસમાં પેસિફિક અને દક્ષિણ અમેરિકાના દક્ષિણ ભાગમાં જોવા મળશે. જયારે દક્ષિણ ચીલી, દક્ષિણ આર્જેન્ટીનામાં કંકણાકૃતિ સ્વરૂપે જોવા મળશે. હેંગારોઆ, ઈસ્ટર આઈસલેન્ડ ચિલીમાં, દક્ષિણ પેસિફીક મહાસાગર, એન્ટાર્કટિકા સર્કલ, ઉત્તર પેસિફિક મહાસાગર, સ્કોટિયા સમુદ્ર, વેડલ સમુદ્ર, રોને આઈસ સેલ્ફ, એમૂન્ડસેન સમુદ્રમાં જોવા મળશે. ભૂમંડલે ગ્રહણ સ્પર્શ ભારતીય સમય મુજબ ગ્રહણ સ્પર્શ : ૨૧ કલાક ૧૨ મિનિટ ૫૯ સેકન્ડ, ગ્રહણ સંમિલન : ૨૨ કલાક ૨૦ મિનિટ ૩૮ સેકન્ડ, ગ્રહણ મધ્ય ૨૪ કલાક ૧૫ મિનિટ ૦૪ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન : ૨૬ કલાક ૦૯ મિનિટ ૧૫ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૨૭ કલાક ૧૭ મિનિટ, ગ્રહણનું ગ્રાસમાન : ૦.૯૩૩, સંપૂર્ણ ગ્રહણ કાળ : ૦૬ કલાક ૦૪ મિનિટનો રહેશે. ગ્રહણની સ્થિરતા : ૦૩ કલાક ૪૮ મિનિટ ૪૧ સેકન્ડ. આ ગ્રહણ દક્ષિણ શરીય છે. કંકણાકૃતિ ગ્રહણ ૭ મિનિટ ૨૫ સેકન્ડ છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે ભારતમાં ગ્રહણ દેખાશે નહિ છતાં રાજયમાં ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ ગામે ગામે આપનાર છે. અવકાશી ચંદ્રગ્રહણો કે સૂર્યગ્રહણો માત્ર ને માત્ર અવકાશી પરિભ્રમણ અને ભૂમિતિની રમત છે. ગ્રહણોની ખગોળીય ઘટનાનો વૈજ્ઞાનિકો માનવ કલ્યાણકારી સંશોધનો માટે કરે છે. આ વર્ષે વિશ્વના વૈજ્ઞાનિકો દક્ષિણ અમેરિકા, દક્ષિણ ચીલી, આજેન્ટીનામાં પડાવ નાખી દીધો છે. તેઓ ગ્રહણની અસરો, સંશોધનો, પશુ-પક્ષી અને તેની ગતિવિધિનો અભ્યાસ કરે છે અને ટી.વી. ઉપર ગ્રહણ કેવી રીતે થાય છે તે નજરોનજર બતાવવામાં આવે છે. કરોડો માઈલ દૂર ગ્રહણ થાય છે તેની માનવજીવન ઉપર કશી જ અસર થતી નથી તેવી હકિકત મુકે છે. માનવ સુખાકારીની ચિંતા કરતા હોય છે. જયારે ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે દાયકાઓ જૂની રદી દંતકથાઓ, માન્યતાઓ, પરંપરાઓનો આધાર મુકી માત્ર ને માત્ર ગુમરાહ કરવાનું કામ કરે છે. માનવીની કર્મકાંડ-ક્રિયાકાંડો, વૈધાદિ નિયમો સૂતક-બૂતક ઠોકી, શારીરિક-માનસિક, આર્થિક શોષણનું કામ લેભાગુઓએ કર્યું છે. તેનાથી સાવધાન રહેવા જાથા ગામે ગામ જાગૃતિ અભિયાન ચલાવે છે. વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે કે ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી કે જીવન પદ્ધતિ ઉપર કશી જ અસર કોઈપણ પ્રકારે થતી નથી છતાં ભારતમાં ગ્રહણ સમયે દાન-પુણ્ય, જપ-તપ, સ્નાન કરવું, રાશિ ફળકથનો અને દોષ નિવારણના નામે લેભાગુઓ છેતરપિંડીનું કામ કરે છે તેનો જાથા સદૈવ વિરોધ કરે છે. સદીઓથી લેભાગુઓના મિલાપીપણાના કારણે દેશમાં ગુમરાહ-ભ્રામકતા ફેલાવવાનું કામ જોવા મળે છે. લેભાગુઓ પોતાની આજીવિકા-રોટલા માટે યેનકેન માનવીનું શોષણ કરે છે તેની સામે જાથા જાગૃતિ કાર્યક્રમો આપી નકારાત્મક, અવૈજ્ઞાનિક ફળકથનો, આગાહીઓની હોળી કરે છે. જેથી જાથાએ સમગ્ર દેશમાં અભિયાન હાથ ધર્યું છે.

# અઢી દાયકા પૂર્વેના દ્વારકા નજીકના પેટ્રોલ પંપ લૂંટના ગુનાના ઈનામી આરોપીને ઝડપી લેવાયો

## એમ.પી.ના નાસતા ફરતા આરોપીને એલસીબી પોલીસે દબોચી લીધો



જામ ખંભાળિયા, તા. ૧

દ્વારકા નજીક આજથી આશરે ૨૫ વર્ષ પહેલાં વરવાળા ગામે આવેલા એક પેટ્રોલ પંપના સંચાલકોને પથ્થરના ઘા મારીને લૂંટ ચલાવવાના પ્રકરણમાં ફરાર એવા એક આરોપીને એલ.સી.બી. પોલીસે ખંભાળિયા પાસેથી ઝડપી લીધો હતો. આ સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ આજથી આશરે ૨૫ વર્ષ પૂર્વે જામનગર જિલ્લાના દ્વારકા-ઓખા માર્ગ પર આવેલા વરવાળા ગામ પાસેના વી.એમ. બારાઈ પેટ્રોલ પંપમાં લૂંટારૂઓએ પથ્થર મારો કર્યો હતો. અહીંથી લૂંટારૂઓએ પેટ્રોલ પંપમાંથી મોટી રકમની લૂંટ ચલાવીને નાસી છૂટ્યા હતા. આ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લાની સ્થાનિક ગુના શોધક શાખાના પી.આઈ. કે.કે. ગોહિલના ટેકનિકલ તથા હ્યુમન સોર્સિસથી ગુજરાત અને મધ્યપ્રદેશ રાજયના જુદા-જુદા વિસ્તારોના આરોપીઓ અંગેની મહત્વની માહિતી મેળવીને પેટ્રોલિંગ દરમ્યાન એ.એસ.આઈ. ભરતભાઈ ચાવડા, લાખાભાઈ પિંડારિયા, પરેશભાઈ સાંજવા અને દિનેશભાઈ માડમને મળેલી ચોક્કસ બાતમીના આધારે મધ્યપ્રદેશ રાજયના જાંબુઆ જિલ્લાના કલ્યાણપુરા તાલુકાના મૂળ રહીશ એવા લુનિયા ઉર્ફે મહેશ બદીયા આદિવાસી ભીલ નામના શખ્સને ખંભાળિયા-ભાણવડ માર્ગ પર આવેલી કનૈયા કૃપા હોટલ પાસેથી દબોચી લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત ગુનાનાં આધારે અઢી દાયકાથી નાસતા ફરતા આરોપીને પકડી પાડવા માટે રાજય સરકાર દ્વારા રૂા. ૧૦,૦૦૦ નું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. હાલ વધુ તપાસ અર્થે ઉપરોક્ત આરોપીનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો છે.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એ.એલ. બારસીયા, પી.જે. ખાંટ, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, ભરતભાઈ ચાવડા, લાખાભાઈ પિંડારિયા, પરેશભાઈ, દિનેશભાઈ, હસમુખભાઈ અને વિશ્વદીપસિંહ દ્વારા કરવામાં આવી હતી.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા હૃદય રોગ જાગૃકતા અભિયાન અંતર્ગત દ્વારકામાં યોગ શિબિરનું કરવામાં આવ્યું આયોજન





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેન શિશપાલજીના માર્ગદર્શન હેઠળ આયોજિત હૃદય રોગ જાગરૂકતા અભિયાન અંતર્ગત યોગ શિબિર સાથે સીપીઆર તાલીમ કાર્યક્રમ તા. ૨૯/૦૯/૨૦૨૪ રવિવારના રોજ દ્વારકા શારદાપીઠ કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. મુખ્ય અતિથિ તરીકે સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રના અનેક પારિતોષિક વિજેતા ડો.દ્વિવેદી, દ્વારકા વેદ વિદ્યાલય આચાર્ય પ્રકાશ પાંડેજી, દ્વારકેશ સારવાર કેન્દ્રના ડો.વૈશાલીબેન પટેલ, ફિઝિયોથેરાપિસ્ટ ડો. થોભાણી, સનાતન સેવામંડળ સંચાલિત શાળાના ગોજીયા, મોડેલ સ્કૂલ એન.સી.સી માસ્ટર સત્યમ ઉપાધ્યાય, દ્વારકા શારદાપીઠ કોલેજ પ્રતિનિધિ સ્વરૂપે ડો. વાલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા કોઓર્ડીનેટર વનિતાબેન ચાવડા દ્વારા હૃદયરોગ અભિયાન વિષેની પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી.

દ્વારકા યોગ કોચ સન્નીભાઈ પુરોહિત દ્વારા પ્રાર્થના તેમજ પ્રાણાયામ સેશન, ભાણવડ યોગ કોચ લખનભાઈ વારોતરીયા દ્વારા આસન વિષેની સમજૂતી, દ્વારકા યોગ કોચ રેશ્માબેન ગોકાણી દ્વારા સંકલન, દ્વારકા યોગ ટ્રેનરો તેમજ દ્વારકા યોગ પરિવાર દ્વારા ડેમોસ્ટ્રેશન, ડો. વૈશાલીબેન પટેલ અને ડો.થોભાણી દ્વારા હ્યુમન ડમી પર સી.પી.આર તાલીમ આપવામાં આવી હતી. દ્વારકાના પ્રખ્યાત કથાકાર ગિરધરભાઈ જોશી દ્વારા કાર્યક્રમનું એન્કરિંગ કરવામાં આવ્યું હતુંફ. આ તકે જિલ્લા કોર્ડીનેટર દ્વારા તમામ મહેમાનો તથા દ્વારકા યોગ પરિવારના તમામ સદસ્યોનો આભાર માનવામાં આવ્યો હતો.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યોજાનાર ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ માટે અરજી કરી શકાશે

જામ ખંભાળિયા, તા.૧: દેવભૂમિ દ્વારકા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા સંચાલિત ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપમાં ભાગ લેવા માટે અરજી કરી શકાશે. આગામી સમયમાં મર્યાદિત ૧૦૦ વિદ્યાર્થીઓ માટે દૈનિક બે કલાક માટેનું ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ યોજાશે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૬ થી ૧૪ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. આ વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છતી દેવભૂમિ દ્વારકા જિલ્લાની શાળા કે સંસ્થાઓએ ખંભાળિયામાં ધરમપુર વિસ્તારમાં આવેલા લાલપુર બાયપાસ માર્ગ પર જિલ્લા સેવા સદનમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ખાતેથી નિયત નમૂનાનું ફોર્મ મેળવીને જરૂરી આધાર પુરાવા સાથે તા. ૮ ઓક્ટોબરના બપોરે ૨ વાગ્યા સુધીમાં અત્રેની કચેરી ખાતે મોકલી આપવાનું રહેશે. સમય મર્યાદા પુર્ણ થયા બાદ મળેલ અરજી સ્વીકારવામાં આવશે નહીં તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

# દેવભૂમિ દ્વારકા અને રઘુવંશી સમાજનું ગૌરવ



દ્વારકા તા. ૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં મીઠાપુરની કુ. આરોહી વિઠલાણી કે જે DAV પબ્લિક સ્કૂલ મીઠાપુરમાં અભ્યાસ કરે છે, તેણીએ અંડર ૧૬ વર્ષ માં **Fastest T-Shirt** પહેરવાના રેકોર્ડ માત્ર ૮.૩૧ સેકન્ડમાં ૫ ટીશર્ટ પહેરીને જાપાનની રીઓમા અરકાવાનો રેકોર્ડ બ્રેક કર્યો છે. આગલો રીઓમાનો રેકોર્ડ ૧૦.૮૬ સેકન્ડ ૫ ટીશર્ટનો હતો. આરોહીએ આ રેકોર્ડ બ્રેક કરી ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું છે. આરોહીએ પોતાની મહેનત દ્વારા વિઠલાણી પરિવાર તેમજ શાળાનું અને પંથકનું ગૌરવ વધારેલ છે. સૌએ આ સિદ્ધી બદલ આરોહિને અભિનંદન પાઠવ્યા છે.


# સલાયામાં પાણીના વિકટ પ્રશ્ને આમ આદમી પાર્ટી દ્વારા આવેદન પત્ર અપાયું



જામ ખંભાળિયા, તા. ૧

ખંભાળિયા તાલુકાના સલાયા ગામમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીની વિકટ સમસ્યા પ્રવર્તી રહી છે. ત્યારે આ મુદ્દે આમ આદમી પાર્ટી દ્વારા ઘણા સમયથી તંત્રને વારંવાર રજૂ કરવામાં આવી છે અને શક્ય હોય તે જરૂરી પગલાં લેવા માટે નગરપાલિકાને અનુરોધ કરવામાં આવ્યો હતો. તેમ છતાં પણ આ અંગેના કોઈ નક્કર પગલાં લેવામાં ન આવ્યા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. સલાયામાં હાલ સતત દસ-પંદર દિવસ સુધી પાણી વિતરણ કરવામાં આવતું નથી. જેથી સામાન્ય પરિવારના ગરીબ લોકો પાસે ૨૦ દિવસ ચાલે તેટલું પાણીનો સંગ્રહ કરવા માટેની વ્યવસ્થા ના હોય, ફરજિયાત પણે લોકોને વેચાતું પાણી લેવા મજબૂર થવું પડે છે. આ વર્ષે ખંભાળિયા સહિત સમગ્ર જિલ્લામાં વ્યાપક મેઘ મહેર વરસી છે. અને તમામ નાના-મોટા જળ સ્ત્રોતો હજુ પણ ઓવરફ્લો જઈ રહ્યા છે. છતાં પણ સલાયાને તરસ્યું રહેવું પડે તે બાબતને દુઃખદ ગણાવી, સોમવારે આમ આદમી પાર્ટીના હોદ્દેદારો-કાર્યકરો દ્વારા નગરપાલિકાને લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રકારે વારંવાર રજૂઆત કરવા છતાં પણ પરિસ્થિતિ જૈસે થે તેવી બની રહેતી હોવાથી જો પંદર દિવસમાં આ પ્રશ્નનો જો યોગ્ય નિરાકરણ કરવામાં નહિં આવે તો આત્મવિલોપન કરવામાં આવશે તેવી ચીમકી પણ આ પત્રમાં ઉચ્ચારવામાં આવી છે.

# ભાદ્ર માસની શિવરાત્રીની શ્રી સોમનાથ મંદિર ખાતે ઉલ્લાસભેર ઉજવણી




## શ્રી સોમનાથ મંદિરમાં લઘુરૂદ્રયજ્ઞ અને જ્યોતપુજન, મહાપૂજા, આરતી કરવામાં આવ્યા : મધ્યરાત્રિએ મહાઆરતીના દર્શનાર્થે હજારો શ્રદ્ધાળુઓ ઉમટ્યા

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧

પ્રથમ જ્યોતિર્લીંગ શ્રી સોમનાથ મંદિર પ્રતિ માસની કૃષ્ણ ત્રયોદશી પર ઉજવાતી માસિક શિવરાત્રી એક અનેરૂ આકર્ષણ છે. દરેક માસની માસિક શિવરાત્રી ઉપર મહાદેવના દર્શન કરવા માટે દૂર-દૂરથી શ્રદ્ધાળુ સોમનાથ પધારે છે. ત્યારે પવિત્ર ભાદ્ર માસની માસિક શિવરાત્રિ ઉપર પ્રણાલિકા અનુસાર માસિક શિવરાત્રિ ઉપર શ્રી સોમનાથ મંદિર સમીપ યજ્ઞશાળામાં ટ્રસ્ટ પરિવાર દ્વારા શાસ્ત્રોકત વિધિવિધાન અનુસાર લઘુરૂદ્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ સાથે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સ્થાનિક તીર્થ પુરોહિતો પાસે શ્રી સોમનાથ મંદિરમાં દૈનિક ૧૨૧ રૂદ્રી પાઠ કરાવીને પાઠાત્મક લઘુરુદ્ર કરાવવામાં આવે છે. ત્યારે ભાદ્ર માસની માસિક શિવરાત્રી ઉપર સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પાઠાત્મક લઘુરુદ્ર, હોમાત્મક લઘુરુદ્ર, અને સોમેશ્વર મહાપૂજા કરીને મહાદેવને વિશ્વ કલ્યાણની કામના કરવામાં આવી હતી. સાથે જ રાત્રીના સમયે સોમનાથ ખાતે પ્રણાલિકા અનુસાર રાત્રિના જ્યોત પૂજન કરવામાં આવ્યું હતું. જ્યોત પૂજનમાં સોમનાથ ટ્રસ્ટના સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈ, એકિઝક્યુટિવ ઓફિસર દિલીપભાઈ ચાવડા તેમજ મોટી માત્રામાં ભાવિકો જોડાયા હતા. પૂજનના અંતે શ્રી સોમનાથ મહાદેવને મહાપૂજા માટે સામગ્રી અર્પણ કરવામાં આવી હતી જે સામગ્રી દ્વારા મંદિરના પૂજારીશ્રી તેમજ તીર્થ પુરોહિતો દ્વારા મહાદેવની મહાપૂજા કર્યા બાદ મધ્ય રાત્રિએ ૧૨:૦૦ વાગ્યે સોમનાથ મહાદેવની મહાઆરતી કરવામાં આવી હતી. માસિક શિવરાત્રીની મહા આરતીનો લાભ લેવા હજારોની સંખ્યામાં શિવભક્તો સોમનાથ મંદિર પરિસરમાં ઉમટ્યા હતા. "હરહર મહાદેવ, જય સોમનાથ"ના નાદથી સમગ્ર પરિસર ગુંજી ઉઠયું હતું.

# જૂનાગઢ સામાજિક પ્રવૃત્તિમાં હંમેશા અગ્રેસર લોક ઉપયોગી યુવા નેતા પ્રદિપસિંહ વાઘેલાએ જન્મદિવસ અનોખી રીતે ઉજવ્યો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ સામાજિક પ્રવૃત્તિમાં હંમેશા અગ્રેસર લોક ઉપયોગી યુવા નેતા પ્રદિપસિંહ વાઘેલાએ જન્મદિવસ અનોખી રીતે ઉજવ્યો હતો. પ્રદીપસિંહ વાઘેલા તેમના જન્મદિવસની અનોખી ઉજવણી કરી હતી અને સેવા પરમો ધર્મના સૂત્રને જીવન મંત્ર બનાવી જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સ્ત્રી રોગ તેમજ પ્રસુતા મહિલાઓને ફ્રુટ વિતરણ ભૂખ્યા જનોને ભોજન કરાવવામાં આવ્યું હતું. જૂનાગઢ શહેરમાં અલગ અલગ વૃદ્ધાશ્રમમાં ભોજનની વ્યવસ્થા કરી તેમજ શહેરની ગૌશાળામાં ગાયોને ઘાસચારો આપ્યો હતો તેમજ ઝુંપડપટ્ટીના બાળકોને નાસ્તો અને આંગણવાડી ખાતે નાના ભૂલકાઓ સાથે ઉજવણી કરીને ફ્રુટ કીટ આપી હતી અને તેઓ પાસેથી નિર્દોષ શુભકામનાઓ પ્રાપ્ત કરી હતી તેમજ જરૂરિયાતમંદ દર્દીને પોતાના રક્તદાન કરીને એક જીવને બચાવવામાં સહભાગિતા થઈ જન્મદિવસની ઉજવણી કરી હતી.

# ઊનાની એ.આર. ભટ્ટ કોલેજના ચાર વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧

તાજેતરમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢની તૃતીય પદવીદાન સમારોહ સોમનાથના રામજી મંદિર ઓડીટરિયમમાં યોજાયો હતો. જેમાં ઊનાની એ.આર. ભટ્ટ કોલેજમાં અભ્યાસ કરતા ફાઈનલ વરસમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરનાર ૧. બેરડીયા રાહુલ બી. LLBમાં, સોલંકી નિકિતાબેન પી. LLBમાં, ફાગણીયા રિધ્ધિબેન કે. LLMમાં, ઝાલા રૂપાલીબેન બી. BSWમાં ગોલ્ડ મેડલ મેળવતા ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, શિક્ષણ મંત્રી પાનસુરીયાભાઈ, સોમનાથ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી પી.કે. લહેરી, યુનિવર્સિટીના કુલપતિ ચેતનભાઈ ત્રિવેદી હસ્તે ગોલ્ડ મેડલ અને ડિગ્રી સર્ટિફિકેટ અર્પણ કરવામાં આવતા કોલેજ અને તેમના પરિવારનું ગૌરવ વધારેલ છે. કોલેજના ટ્રસ્ટી અને સ્ટાફે અભિનદન આપેલ હતા.

# ઉના તાલુકા સમસ્ત બ્રહ્મ કર્મચારી મંડળ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ સંપન્ન





(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૧

તારીખ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ રવિવારનાં રોજ ઉના તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ કર્મચારી મંડળ દ્વારા ધોરણ ૧થી લઈ અને ઉચ્ચ શિક્ષણ તેમજ વિશિષ્ટ પ્રતિભા ધરાવતા ૧૬૫ થી વધારે વિદ્યાર્થીઓનું શ્રી નાથળિયા ઉનેવાળ બોર્ડિંગ-ઉના ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ નિમિત્તે અતિથિ તરીકે પ્રકાશભાઈ જી જોશી (પીએસઆઈ - ઉના) તેમજ જયસુખભાઈ એચ. મહેતા-પૂર્વ મંત્રી ઉના તાલુકા બ્રહ્મ સમાજ કર્મચારી મંડળ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિજયભાઈ કે. જોષી(પ્રમુખ સમસ્ત બ્રહ્મ સમાજ ઉના), હરેશભાઈ જોષી(પ્રમુખ, પરશુરામ યુવા સંસ્થાન ઉના), અરવિંદભાઈ જાની(પ્રતિનિધિ બ્રહ્મ સમાજ સમૂહ લગ્ન સમિતિ ), ઈશ્વરભાઈ ઠાકર(ટ્રસ્ટી નાંથળિયા ઉનેવાળ બોર્ડિંગ) અને રાજુભાઈ ઉપાધ્યાય(પ્રમુખ, બ્રહ્મ સમાજ કર્મચારી મંડળ- ઉના) મંચસ્થ રહ્યા હતા. પ્રમુખ રાજુભાઈ ઉપાધ્યાયે પ્રાસંગિક ઉદબોધન કર્યું અને પ્રવીણભાઈ ધાંધાલાએ બ્રહ્મ કર્મચારી મંડળનાં ઉદ્દેશ, સ્થાપના અને કામગીરી વિશે પોતાની આગવી શૈલીમાં રજૂઆત કરી. જયસુખભાઈ મહેતાએ પણ બાળકોને અભ્યાસનાં મહત્વ અને કારકિર્દી ઘડતર માટે યોગ્ય માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સમાજનાં તમામ હોદ્દેદારો અને સ્વયંસેવકોએ ખૂબ જહેમત ઉઠાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રત્નેશભાઈ જોષી અને દીપકભાઈ જોષીએ અને આભારવિધિ સંજયભાઈ જોષીએ કરેલ.

# ઘરેલુ હિંસાનો ભોગ બનેલ ગર્ભવતી મહિલાને મદદે આવી અભયમ ટીમ : નશાખોર પતિને કાયદાનું ભાન કરાવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર પંથકમાંથી એક મહિલાનો ૧૮૧માંફોન આવેલ કે મારા પતિ અને સાસરીવાળા માનસિક ત્રાસ આપી મને કાઢવા માંગે છે. જેથી તમારી મદદની જરૂર છે. આટલું જણાવતા ફરજ ઉપર હાજર રહેલ કાઉન્સેલર મનિષા ધોળીયા અને કોન્સ્ટેબલ વર્ષાબેન તેમજ પાઈલોટ રમેશભાઈ સ્થળ ઉપર પહોંચી ગયા અને પીડિતાને મળ્યા. તેણે જણાવ્યું કે મારા લગ્નના ૪ વર્ષ થયા છે. હું બીજી વખત ગર્ભવતી બની છું. મારો આઠમો મહિનો ચાલુ છે. મારૂ પહેલું બાળક ગુજરી ગયું છે. તેના આક્ષેપ હજી સુધી મારા પતિ અને સાસુ સસરા કરે છે. તેમ છતાં મારો સંબંધ સાચવું છું. મારા સાસુ - સસરા અમારી બાજુમાં સાથે રહે છે. મારા પતિ થોડા સમયથી કેફી પદાર્થનું સેવન કરે છે. જેથી તને સમજાવવા માટે મારા સાસુ સસરાને કહેલું તો તે મારા ઉપર આરોપ નાખે છે કેતુંચડાવે છે. મારા સાસુ સસરા અવારા નવાર મને સંભરાણી કરતા હોય છે મારા પિયર પક્ષ વિરૂદ્ધ બોલતા હોય છે. મારા પતિ પણ મારૂ સાંભળતા નથી અને બધા ભેગા થઈ મને માનસિક ત્રાસ આપે છે. હું કંટાળી ગઈ છું. તમે મારા પતિને સમજાવો કે હવે પછી કેફી પદાર્થનું સેવન ના કરે અને મને બીજે કોઈ અલગ જગ્યાએ લઈ જાય અને મારી સારી સારવાર કરાવે. જેથી પીડિતાને પતિને મહિલાઓના કાયદા વિષે સમજ આપી. કાયદાનું ભાન કરાવ્યું અને એક ગર્ભવતી મહિલાની કેવી રીતના કાળજી લેવી, કેવું વાતાવરણ પૂરૂ પાડવું જોઈએ તે સમજ આપી. તેમજ તેના સાસુ સસરાને કાયદાથી માહિતગાર કર્યા. ત્યારબાદ પીડિતાના પતિએ તેની ગર્ભવતી પત્નીને યોગ્ય વાતાવરણ અને પૂરતી કાળજી રાખશે તેવી બાંહેધરી આપી હતી.




# સચોટ પુરાવાના અભાવે ઊનાની એડિશનલ સેશન્સ કોર્ટેના જજે એસ્ટ્રોસીટી તેમજ મારી નાખવાની ધમકી ગુનાના બે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧

ઊના પોલીસ સ્ટેશનમાં ગત તા.૧૯-૧-૨૦૨૧૯ના રોજ ઊના તાલુકાના મોઠા ગામના સંજયભાઈ સુમનભાઈ સોંદરવાએ ફરિયાદ નોંધાવી હતી કે ગત તા.૧૮-૯-૨૦૧૯ના રોજ તે તેમની દીકરીને ફોરવ્હીલમાં બેસાડી પોતાના ગામમાં આવેલ આંગણવાડીમાં બેસાડવા જતા હતા ત્યારે ગામના ગોંદરા પાસે દીકરીને ફોરવ્હીલ રોકી દીકરીને ઉતરતા હતા ત્યારે એ દરમ્યાન મોઠા ગામના જસાભાઈ સાર્દુળભાઈ ઉર્ફે સાદુર્લભાઈ પરમાર અને દિલીપસિહ ભીમભાઈ ગોહીલ રે. બન્ને મોઠા તા.ઊના આવેલ ફોરવ્હીલમાં બેસી અને ધમકી આપી હતી કે તે અમારી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે તે પાછી ખેચી લેવા અને સમાધાન કરી લેવા દબાણ કરી મુક્કો મારી જાતિ પ્રત્યે અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. પોલસે બન્ને આરોપી સામે આઈ.પી. સી.૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા એસ્ટ્રોસીટી એક્ટ કલમ ૩(૧)(આર) તથા ૩(૨),( ૫-એ) મુજબ ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી કાર્યવાહી કરી તેનું ચાર્જ સીટ ઊનાની કોર્ટમાં દાખલ કરેલ હતું. જેનો કેસ ઊનાની બીજી એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલેલ હતો. જેમાં આરોપીના બચાવ પક્ષે ઊનાના વકીલ એમ.એ. નકવી રહેલ હતા અને તેમણે આ કેસના સાહેદોની ઉલટ તપાસ કરતા સાહેદો ગુનો બન્યાનું સાબિત કરી શકેલ નહિ તેમજ વકીલ એમ.એ. નકવી કોર્ટને જણાવેલ કે ફરિયાદી ખોટી ફરિયાદ કરવાની ટેવ વાળા છે. અગાઉ પણ ૭ થી ૮ ફરિયાદ તેમણે દાખલ કરેલ છે. વિગેરે મુદ્દાઓ રજૂ કરી રજૂઆત કરી હતી અંતે બીજી એડિશનલ સેશન્સ કોર્ટના જજ કિર્તીભાઈ જે. દરજીએ ફરિયાદ પક્ષ અને આરોપી પક્ષ દલીલો પુરાવા ધ્યાને લઈ એવો ચુકાદો આપ્યો હતો કે ફરિયાદ પક્ષ આરોપી ઉપર લગાવેલ આરોપો સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે. તેથી આ ગુનાના આરોપી જસાભાઈ સાર્દુળભાઈ ઉર્ફે સાદુર્લભાઈ પરમાર તથા દિલીપસિંહ ભીમભાઈ ગોહીલ રે. બન્ને મોઠા તા.ઊના વાળાને ઈ.પી.કો. કલમ ૩૨૩,૫૦૬(૨) તથા એસ્ટ્રોસીટી એક્ટ કલમો મુજબ શિક્ષા પાત્ર ગુનાથી નિર્દોષ છોડી મુકવા હુકમ કરવામાં આવ્યો હતો.

# સલાયામાં નવરાત્રી પર્વને અનુલક્ષીને વીજ પુરવઠા બાબતે તંત્રને રજૂઆત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે નવરાત્રી પર્વને અનુલક્ષીને વીજ વિક્ષેપ ન સર્જાય તે હેતુથી સ્થાનિક અગ્રણી દ્વારા વીજ તંત્રને લેખિત રજૂઆત કરવામાં આવી છે. સલાયા ગામના રઘુવંશી આગેવાન અને શહેર ભાજપ મહામંત્રી લાલજીભાઈ ભુવા દ્વારા વીજ પ્રશાસનને એક લેખિત રજૂઆત પાઠવીને જણાવાયું છે કે આગામી તારીખ ૩ થી નવલા નોરતાનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે સલાયા તથા આસપાસના વિસ્તારમાં બાળાઓ ગરબીમાં આદ્યશક્તિની ઉપાસના કરે છે. આ તહેવાર દરમિયાન કોઈ વીજ ફોલ્ટ ન સર્જાય અને વીજ પુરવઠો રાબેતા મુજબ જારી રહે તે માટે જરૂરી પગલા લેવા તેમજ જરૂરી રીપેરીંગ કામ વહેલી તકે પૂર્ણ થાય તે માટેની રજૂઆત આ પત્રમાં કરાઈ છે.

# પ્રાચી તીર્થ ખાતે અમાસના દિવસે ગીર-સોમનાથ જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા સામૂહિક શ્રાદ્ધ તર્પણ યોજાશે

(જાદવ ચુડાસમા દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧




પ્રાચી તીર્થ ખાતે તારીખ ૨-૧૦-૨૦૨૪ને બુધવારના ભાદરવા વદી અમાસને પાવન દિવસે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિ કુંજ હરિદ્વારના તત્વાવધાનમાં ગીર સોમનાથ જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા સામૂહિક શ્રાદ્ધ તર્પણ તેમજ ગાયત્રી યજ્ઞ તથા સમુહ ભોજન પ્રસાદ પરમ પૂજ્ય ગુરૂદેવ લિખિત ૩૨૦૦ પુસ્તકોનો સાહિત્ય સ્ટોલ વગેરે કાર્યક્રમો શ્રી કારડીયા રાજપૂત સમાજની ધર્મશાળા ખાતે રાખવામાં આવેલ છે. સાથે યજમાનને લાવવા માટે ત્રાસ નંગ-૨, ત્રાંબાનો લોટો, વાટકો, એક ચમચી અને ફરજિયાત ધોતી પહેરીને આવવાનું રહેશે. પૂજાની દરેક સામગ્રી ગાયત્રી પરિવાર તરફથી આપવામાં આવશે. આ કાર્યક્રમમાં લાભ લેવા માટે નામની નોંધણી કરાવવા માટે ગાયત્રી પરિવારની શાખાઓ તથા ગાયત્રી પરિવારના પરિજનોનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

### આજના દિવસે તત્વ ચિંતકોને મુંઝવતો પ્રશ્ન

# વિશ્વ વડીલ દિવસે ગુજરાત-સૌરાષ્ટ્રમાં વધતા જતા માનવના નૈતિક અધઃપતન સમા વૃધ્ધાશ્રમો આધ્યાત્મિક જગત માટે શું? કલંકીત નથી ?

સનાતન હિન્દુ ધર્મ સંપ્રદાય જ નહીં... પણ સમગ્ર માનવ સમાજના માનવીય મુલ્યોના અધઃપતનનું વધુ એક મોટું બારણું રાજકોટમાં ખુલી રહ્યું હોય તેમ શું નથી લાગતું ?

કથા વાર્તા સપ્તાહો... ધાર્મિક ઉત્સવો આધ્યાત્મિક પ્રવચનો, કલાત્મક વૈભવી મંદિરો અને ઉચ્ચ શિક્ષણ સાથે ટીલા ટપકાં કંઠીઓ પહેરનારાઓના આટલા મોટા ફાટેલા રાફડા વચચે દેવ મંદિરો, તિર્થ સ્થાનો, ભાવિકોથી ફાટમ ફાટ ઉભરાય રહ્યા છે. છતાં, માનવ પશુ બની પોતાની અસ્મિતા ગુમાવતો કેમ જાય છે? તો શું ? આજના માનવને એટલું સામાન્ય જ્ઞાન પણ નથી કે, જેના થકી આ દુનિયામાં આવવાનો અવસર મળ્યા બાદ જેના થકી મોટો થયો અને જેના વડે પગભર થયો તેવા માતા-પિતા વડીલોએ ભગવાનથી કમ નથી ?

જાણતો નથી તેવું નથી, જાણે જ છે ! છતાં સારા ઉચ્ચ શિક્ષિત કુળ પરિવારના નબીરાઓના માતા-પિતા-વડીલો જ વૃધ્ધાશ્રમોમાં કેમ ?

શું મા-બાપોના ઘડતરમાં કોઈ ખામી છે કે ? પછી આજના યુવાનોને-યુવતિઓને પશ્ચિમિ સંસ્કૃતિનો વડગામ લાગુ પડેલો છે ?

લયો, આ તો સામાજીક, નૈતિક અધઃપતન સમાન કલંકીત વૃધ્ધાશ્રમોનું મુળ તો, મુડીવાદી એવં સુખ વૈભવી વિલાસી માનસના પૈસા પાછળ પાગલ એવી ઉચ્ચ શિક્ષિત યુવા ઓલાદો હોય તેવું નજર સામે આવેલું છે.

યુ.એન. આ સંબંધી સમાજ જાગૃતિ અર્થે ૧લી ઓકટોબરને વિશ્વ વડીલ દિવસ તરીકે ઉજવી રહેલ છે. તેમ પ્રતિ વર્ષની જેમ આજના દિવસને ભારત સહિત વિશ્વના દેશોમાં ઉજવાશે. વડીલો એવં વરિષ્ઠ નાગરીકોની વંદના થશે. કદર થશે આદર અપાશે અને તેના ઋણ સંબંધી અનેક ગુણ ગાન ઢોલ પીટાશે.

તે તો ઠીક, આવા ઢોલ પીટનારાઓ મહાનુભાવો (મન મેલા તન ઉજળા) પૈકીના ઘણા મહાનુભાવોના જ મા-બાપ-વડીલોની જ ઉપેક્ષા થતી હશે ?

એક નોંધનીય બાબત એ છે કે, આ દુષણ કોઈ અશિક્ષિત એવા સામાન્ય ગરીબ વર્ગના પરિવાર કે કુટુંબોના મા-બાપ-વડીલોની ભાગ્યે જ સંજોગો વસાત ઉપેક્ષા કદાચ થતી હશે, કે વૃધ્ધાશ્રમોમાં જોવા મળશે નિરાધાર ગરીબ કે મધ્યમ વર્ગની વાત જુદી હશે.

પણ વડીલોની સૌથી વધુ શહેરી ઓલાદોની પૈસા પાછળની વૈભવી વિલાસી જીંદગી અને ઉચ્ચ શિક્ષણને લઈને ઉપેક્ષા થતી હોય, આ દુષણ કોઈ આવા ઉજવણીઓથી હલ થઈ શકે ખરી ?

આ પ્રશ્ન તત્વચિંતકોને મુંઝવી રહ્યો છે. જો માણસના વિચારોને બદલાય તો જ આ દુષણ મહદઅંશે નાથી શકાય તેવું તત્વ ચિંતકોનું આધ્યાત્મિક તારણ છે તે પણ ભક્તિની બેઠક પરથી.

જો માનવમાં એક વખત પોતાની અસ્મિતા એવં હું કોણ ? હું કોનો અને શા માટે ? આ ત્રણ વાત માનવામાં સ્થિર થાય તો માનવના દીલ દિમાગ મગજ એવં બુધ્ધિમાં એક નવું વૈચારિક પુંજ ઉમેરાય તો આવા અનેક દુષણો હલ થઈ શકે ! કે કરી શકાય !

આવી જ વૈચારીક ક્રાંતિના સર્જક એવા સ્વાધ્યાય પ્રવૃતિના પ્રણેતા એવં દષ્ટી દાતા એવા પ.પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલેના હજારો નહીં લાખો નહીં કરોડોની સંખ્યામાં સ્વાધ્યાય પરિવારમાં આ પુંજ એવં વૈચારિક પંચ રંગી ક્રાંતિ ખાસ કરીને યુવાનોમાં પરિણામ દાયક થયેલી જોવા મળે છે.

પરિણામે આજે આવા પરિવારોમાં આદર, કદર અને કાળજીના ગુણો નિર્માણ થયેલા એવં ખીલેલા જોવા મળે છે. પણ આવા આદર કદર ને કાળજીના ગુણો કોઈ વાતો કરવાથી કે, લેખ લખવા કે ઉજવણા કરવા માત્રથી હલ ન થાય ?

તે માટે તો પ્રથમ પૂ.સ્વાધ્યાય પરિવારના લાડલા દાદા એવા પાંડુરંગ શાસ્ત્રી આઠવલે ને સમજવા પડે અને તે ત્યારે જ સમજાય જયારે સ્વાધ્યાયની પ્રવૃતિઓ તરફ માનવ એક ડગલું આગળ ભરે.

એક સંપ્રદાયના સાચા અર્થના પ્રાતઃ સ્મરણીય પ.પૂ.આચાર્ય એવં ધર્મગુરૂને આજથી ચારેક દાયકા પહેલા (તે સમયે જ્યાં ત્યાં આવા વૃધ્ધાશ્રમો ચાલતા ન હતા) કોઈ એક વૃધ્ધાશ્રમના (અ) શુભારંભ પ્રસંગમાં આમંત્રણ મળેલું.

ગયા, પણ ઉદ્દઘાટન ન કર્યું....

પણ જે બોલ્યા હતા તે આજનાં સમાજ અને આજના કહેવાતા રામ ભરત દશરથ શ્રવણ સહિતનાં આપણા ચરિત્રો પર વ્યાસ પીઠો લઝવતા કહેવાતા મોટા મોટા કથાકારો ભાગવત કારો આધ્યાત્મિક પ્રવચનો કરનારાઓ, તેમજ બની બેઠેલા આપણા પ.પૂ.ઘ.ઘૂ.ઓએ નોંધવા જેવું કે,

મારૂ એવું કયું કમનસીબ હશે કે, મારે માનવના અધઃપતનના માર્ગ પર ઢસડાતા જતા સમાજ માટેનું એક નવું દ્વાર ખુલતું હોય તેવા સ્થળ પર આવવાનું થયું.

આ માટે સમાજ કે માનવ નહીં અમારા જેવા સનાતન હિન્દુ સંસ્કૃતિની વિરાસત અને વારસો જાળવવાની તેનું સંવર્ધન કરવાની પ્રથમ ફરજ કે કામ છે પણ તેમાં કયાંક ને કયાંક ચુક રહી ગયેલ હોય કે પછી જવાબદારીમાંથી છટકી ગઈ હોય તો જ આવા વૃધ્ધાશ્રમો ખોલવા પડે, પણ એટલી જરૂર ઈશ્વર પાસે પ્રાર્થના કરીશ કે આ વૃધ્ધાશ્રમમાં કોઈ માનવના કમનસીબ મા-બાપો પગ ન મુકે, કે એવો કોઈ અવસર જ ન ઉભો થાય કે અહીં આવવું પડે... રીત સરના આંખમાં આંસુ આવી ગયા હતા. પગ પણ ભારે હતા. ઉઠવું તો કેમ ઉઠવું ? ટુંકમાં આચાર્ય ઘણા જ અસ્વસ્થ અને ખિન્નતા અનુભવતા હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન આંખો બંધ જ રાખેલી.

-ગોરધન પાઘડાર
સિનિ.પત્રકાર

ચોમાસાની ઋતું દરમ્યાન ઘેડ વિસ્તારમા પાણી ભરાવાની સમસ્યાના નિરાકરણ માટે

# ઓઝત નદીના પાળા દૂર કરવા ખેડૂતોએ સકારાત્મક સુચનો કર્યા

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧
જૂનાગઢ જિલ્લાના ઘેડ વિસ્તારમાં કેશોદ, માંગરોળ, માણાવદર તાલુકાના ગામોનો સમાવેશ થાય છે. જૂનાગઢ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે ભેંસાણ, વિસાવદર, મેંદરડા, વંથલી, ગીરનાર પર્વત, જૂનાગઢ તાલુકામાં આવેલ ઓઝત નદી, ઉબેણ નદી, સાબલી નદી તથા ઉપરોકત તાલુકાના વોંકળા મારફતે વરસાદી પાણી ઘેડ વિસ્તારમાં ફરી વળે છે અને પૂરની પરિસ્થિતિના કારણે નદીના પાળા તુટવાની જમીન ધોવાણની પાક નુકશાની તથા લાંબા સમય સુધી પાણી ભરાઈ રહેવાની મુશ્કેલીઓ પડે છે. ઘેડ વિસ્તારની સમસ્યાનું કાયમી નિરાકરણ થાય અને ગ્રામ્યકક્ષાએ મુલાકાત કરી ગામના વડીલો તેમજ ગ્રામજનો પાસેથી પણ જરૂરી સૂચનો મેળવવા અનિવાર્ય જણાય તે માટે જૂનાગઢ સિંચાઈ વિભાગ દ્વારા ઘેડ વિસ્તારના અભ્યાસ માટે ટેન્ડર કરી કન્સલટન્ટ નીમેલ છે. જેના ભાગરૂપે સર્વે દરમ્યાન ઘેડ વિસ્તારના ગામડાઓમાં ગ્રામસભા કરવાનું આયોજન કરવામાં આવે તો ગ્રામજનોના સૂચનો મેળવી શકાય તથા તે સૂચનોને સર્વેના સમયાગાળા દરમ્યાન અભ્યાસમાં સાંકળી શકાય અને એક સર્વગ્રાહી રીપોર્ટ તૈયાર કરી શકાય. જે ધ્યાને લઇ તા.૨૩.૦૯.૨૦૨૪ ના રોજ માણાવદર તાલુકાના કોયલાણા અને મટીયાણા ગામોમાં જે તે ગામના સરપંચશ્રી, વહીવટદાર, તલાટીમંત્રીશ્રી, સ્થાનિક પંચાયતના સભ્યો, સિંચાઈ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગના તાંત્રીક સ્ટાફ તથા ખેડૂત ખાતેદારોઓ અને વડીલની હાજરીમાં એક ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ હત્તુ.

આ આયોજનમાં લોકો તરફથી જુના નદી-નાળા, વોકળા ખુલ્લા કરવા અને નદીને તેની મુળ સ્થિત્તીમાં લાવવી, નદી પરના સરકારી પાળા, માલિકીના પાળા, હદ્દ નીશાન વગરના પાળા અને દબાણવાળા પાળા સદંતર દુર કરવા, કોઈ ખાતેદારશ્રી પાળા દુર કરવાની સહમત્તી ન આપે અને સ્ટે મુકવા લાવે તો પણ કામ રોકવું ન જોઈએ, ટીકકરથી છીપરાળી નદી સમાંતર ખુલ્લી કરવી, નદી-નાળા ખુલ્લા કરાવત્તા તેને યોગ્ય પ્રોટેકશન આપવુ જેથી નદી તથા ખેતરની જમીનનું ધોવાણ ન થાય, આખા ગામ પાસે આવેલ ઓઝતીયો ખુલ્લો કરવો તેમજ ટીકકરથી બામણાસા સુધીમાં ૫-૭ વોંકળા હત્તા તે બંધ થયેલ છે જે બધા ખુલ્લા કરાવવા જેથી ૫૦% ઓઝતનું પાણી ઘટી જાય, ઓઝત નદી ઉંડી અને પહોળી કરવી, અગાઉના પુલના ગાળા મોટા કરવા, મટીયાણા ગામે પાણખણનો ઢોળો(વોકળો) ઉંડો અને પહોળો કરવો, મટીયાણા ગામે નદી માટે અગાઉની જમીન સંપાદન થયેલ જમીનની ૭/૧૨ માં કપાત કરવી, મટીયાણાની બહાર આંબલીયા બાજુ નિકાસ બંધ છે તે ખુલ્લી કરાવવી, મટીયાણા ગામમાં આવેલ ચેકડેમ દુર કરવા, મટીયાણા ગામની બાજુમાં આવેલ પુર સંરક્ષણ પાળો ઉંચો લેવો જેવી વિવિધ રજુઆતો મળેલ છે. તદઉપરાંત્ત બન્ને ગ્રામજનો દ્વારા નદી પરના બધા જ પાળા દરેક ગામમાંથી દુર કરવામાં આવે તો ૫૦% જેટલી રાહત આપોઆપ થવા પામશે તેવું ખેડૂતોએ જણાવ્યું હતું.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદનો વિરામ : જુનાગઢમાં ધોધમાર વરસાદ છતા લોકો ગરમીથી ત્રાહીમામ

### ચોમાસાની વિદાય વચ્ચે સવારે-રાત્રીના સામાન્ય ઠંડક બાદ આખો દિવસ ગરમીની અસર

જુનાગઢ તા.૦૧:
રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં સર્વત્ર મેઘરાજાએ વિરામ લીધો છે ત્યારે જુનાગઢમાં બે દિવસ પહેલા પડેલા ભારે વરસાદ પછી પણ લોકો અસહ્ય ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠયા છે. કાલે મહતમ તાપમાન ૩૩ ડીગ્રી નોંધાયું હતું.

જુનાગઢમાં રવિવારે ૪ ઈંચ વરસાદ બાદ મેઘાએ સોમવારે આંશિક વિરામ લેતા મહતમ તાપમાન ૩૧.૬ ડીગ્રીથી વધીને ૩૩ ડીગ્રી થઈ જતા બપોરે લોકોએ ગરમીનો સામનો કરવો પડયો હતો. ૨૫ સપ્ટેમ્બરથી ૩ દિવસ સોરઠમાં ફરી ચોમાસાએ એન્ટ્રી કરી હતી અને બાદમાં વરાપ આપી રવિવારે ફરીથી પધરામણી કરતા સવારે પુરા થયેલા ૨૪ કલાક દરમિયાન જુનાગઢ જિલ્લાના માણાવદર, માંગરોળ સિવાયના ૭ તાલુકામાં સરેરાશ ૨.૭૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. જો કે સોમવારે સાંજ સુધીમાં માત્ર કેશોદ વિસ્તારમાં ૫ મી.મી. વરસાદ થયો હતો.

## જૂનાગઢના સરદારપરામાં ટોયલેટમાંથી ૩૦ વર્ષના યુવાનનો કોહવાયેલો મૃતદેહ મળ્યો

જૂનાગઢ તા. ૧ :
જૂનાગઢમાં એક યુવાનનો મૃતદેહ તેના મકાનના ટોયલેટમાંથી મળી આવતા અરેરાટી વ્યાપી ગઈ હતી.

જુનાગઢના જોષીપરા વિસ્તારમાં રહેતા ૩૦ વર્ષીય સમર્થસિંહ પ્રતાપસિંહ ચૌહાણનો કોહવાયેલો મૃતદેહ તેના ટોયલેટમાંથી મળી આવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતકના ટોયલેટમાંથી દુર્ગંધ આવતા પાડોશીએ જાણ કરતા બી ડિવિઝન પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં યુવકનું બે દિવસ અગાઉ ટોયલેટમાં પડી જવાથી મૃત્યુ થયું હોવાનું જણાયું હતું. આમ છતાં મળત્યુ પાછળનું ચોક્કસ કારણ મેળવવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


### યુવકનું મૃત્યુ બે દિવસ અગાઉ થયાનું અનુમાન, પોલીસ તપાસ

## માણાવદરના કતકપરા ગામ નજીક ખાણમાં ન્હાવા પડેલ યુવાનુ ડુબી જતા મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧
માણાવદરના કતકપરા ગામેથી આગળ બોડકા જતા રોડ આવેલ ભરડીયાની ખાણમાં ન્હાવા પડેલ યુવાનનું ડુબી જતા મોત નિપજયાનું માણાવદર પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર થાણે વીજાણંદભાઈ મેઘચાભાઈ રાઠોડે જાહેર કરેલ કે પોતાનો મૃતક પુત્ર સંજય વિજાણંદભાઈ રાઠોડ(ઉ.વ.૧૯)વાળો કાકરીના ભરડીયાની ખાણમાં ન્હાવા જતા કોઈપણ કારણસર ડુબી જતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## ગતરાત્રે કચ્છમાં ભચાઉ નજીક ૩ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો



### કચ્છમાં સતત ભૂકંપના આંચકા : વધુ એક વખત આંચકો આવતા લોકોમાં ભય અને ચિંતા

ભુજ તા.૧ :
કચ્છમાં સતત ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. વધુ એક વખત ભૂકંપનો આંચકો આવતા લોકોમાં ભય અને ચિંતા છે. ગુજરાત સિસ્મોલોજી કચેરીની સત્તાવાર માહિતી અનુસાર રાત્રે ૯.૪૬ વાગ્યે ભૂકંપનો આંચકો નોધાયો હતો. જેનું કેંદ્ર બિંદુ ભચાઉ થી પૂર્વ દક્ષિણ તરફ ૮ કીમી દૂર નોંધાયુ છે. આંચકાની તીવ્રતા ૩ મેગ્નિટયુડ નોધાઈ છે. કોઇ નુકસાન નથી.

પરંતુ સમગ્ર કચ્છના વિવિધ વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. પશ્ચિમ કચ્છમાં સરહદી વિસ્તાર ખાવડા, લખપત મધ્ય કચ્છમાં ભુજ ભચાઉ વચ્ચે દુધઈ, ચોબારી પૂર્વ કચ્છના ભચાઉ, રાપર અને ધોળાવીરા એમ મોટાભાગના વિસ્તારોમાં ધરતી હેઠળ કંપન આવતા રહ્યા છે.

## જૂનાગઢ મનપાના સેનેટરી ઈન્સ્પેકટરે બે વ્યક્તિ સામે જાહેરનામાં ભંગની ફરીયાદ નોંધાવી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧
જૂનાગઢ મહાનગરપાલીકા કચેરી ખાતે જાહેરનામાનો ભંગ કરી ૬૦થી ૭૦ જેટલી મહિલા કર્મચારીઓને એકત્રીત કરી વિરોધ કરાવવા અંગે બે સામે મહાનગરપાલીકાના સેનેટરી ઈન્સ્પેકટરે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે જૂનાગઢ મહાનગરપાલીકાના સેનેટરી ઈન્સ્પેકટ હીતેષભાઈ ગોવીંદભાઈ પરમારે પ્રદીપભાઈ જેઠવા અને પ્રવીણભાઈ ચુડાસમા રહે.બંને જૂનાગઢવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, જીલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢની કચેરીના જાહેરનામા નં એમએજી / સી / જાહેરનામુ / સરકારી કચેરી / ઈ ૧૧૦૮૦૦/ ૨૦૨૪ તા.૧૩/૦૮/૨૪ થી અમલમા હોવા છતા સરકારી કચેરીના પરીસરની ૨૦૦ મીટરની ત્રીજયાની અંદર કમિશ્નર કચેરીના કંપાઉન્ડમાં આશરે ૬૦ થી ૭૦ જેટલા મહીલા કર્મચારીઓ ભેગા થયેલ તે દરમ્યાન બન્ને આરોપી પ્રદીપભાઈ જેઠવા તથા પ્રવીણભાઈ ચુડાસમા એ સુલેહ શાંતી નો ભંગ થાય તેવા સુત્રોચાર કરી મહીલા કર્મચારીઓને ઉસ્કેરણી જનક સુત્રોચાર કરવા દુષ્પ્રેરણા કરી સુત્રોચાર કરી કાયદો વ્યવસ્થાની પરિસ્થીતીને અસર ન થવા પામે તે માટે બહાર પાડવામા આવેલ જાહેરનામાની શરતોનો ભંગ કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સુરતમાં દારૂનો હપ્તો વસુલવા ગયેલા ભાજપના કોર્પોરેટરને મહિલા બુટલેગરે મેથીપાક આપ્યો

સુરત, તા.૧
સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટરો પર ગેરકાયદે બાંધકામોથી લઈને ગેરકાયદે બાબતો છાવરવાના પ્રયત્નો થતાં હોવાના આક્ષેપો છાસવારે લાગતાં હોય છે. ત્યારે આ વખતે દારૂના અડ્ડા અને જુગાર રમનાર પાસેથી પૈસા વસૂલવામાં આવતા હોવાની ઘટના સામે આવી છે. જેમાં પાંડેસરા વિસ્તારના ભાજપના શરદ પાટીલ નામના કોર્પોરેટર દ્વારા મહિલા બુટલેગર પાસેથી વારંવાર રૂપિયાની માંગણી કરવાની વાત સામે આવી હતી. કોર્પોરેટર મહિલા બુટલેગર પાસે રૂપિયા લેવા ગયા હોવાની ચર્ચા સાથે વીડિયો વાયરલ થયો છે.

પાંડેસરા વિસ્તારમાં ચાલતા દારૂના અડાઓ ઉપર ભારતીય જનતા પાર્ટીનો નગર સેવક શરદ પાટીલ દારૂના અડ્ડાઓ ઉપર હપ્તા વસુલાત કરતા હોવાનો વીડિયો સામે આવ્યો છે. ભૂષણ પાટિલને સાથે રાખી દારૂના અડ્ડાઓ ઉપર હપ્તા વસુલાત કરાવા ગયા ત્યારે દારૂ વેચતી મહિલાને આ નગર સેવક તેમજ તેનો સાગીરત દ્વારા સતત હેરાન કરી રૂપિયા પડવાતા હોવાના આક્ષેપ થયા છે.

## જૂનાગઢ શહેર-જીલ્લામાંથી ૪૪ જુગારીઓને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧
જૂનાગઢ સહિત જીલ્લામાં ગઈકાલે પોલીસે ૪૪ જેટલા મહિલા પુરૂષોને જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ગઈકાલે એ ડીવીઝન પોલીસે દોલતપરા વિસ્તારમાંથી જોહરમાં જુગાર રમતા મંજુબેન ઉર્ફે નંદુબેન શાંતીલાલ ચોટલીયા, આરતીબેન આકાશભાઈ નીમાવત, રેખાબેન પોપટભાઈ ડાભી, રાજીબેન નારણભાઈ ભાદરકા, સોનલબેન જોરૂભાઈ વાળા, નાથીબેન કાનાભાઈ કાંજલીયા, મંજુબેન દિનેશભાઈ મેવાડા, દક્ષાબેન દિનેશભાઈ નંદાણીયા, દિપુબેન દિલીપભાઈ જોષીને ૧૧૩૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે એ ડીવીઝન પોલીસે જવાહર રોડ પરથી અનવર અચુભાઈ નારેજાને વલી મટકાના આંક ફરકતનો જુગાર રમતા ૪૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે જૂનાગઢ તાલુકા પોલીસે પ્લાસવા ગામેથી જાહેરમાં જુગાર રમતા હમીર ઉર્ફે ભરતભાઈ ભારવાડીયા, ભરતભાઈ શામજીભાઈ નાવલીયા, દીલસુખભાઈ ડાયાભાઈ કળથીયા, મસરીભાઈ કાળાભાઈ હાથલીયા, રામભાઈ રાણાભાઈ શામળા, ધરમણભાઈ ઉકાભાઈ જીલડીયાને ૧૨૨૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે વિનુ નરસીભાઈ નાવલીયા અને લખમણભાઈ ગીગાભાઈ કોળી નાસી જતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મેંદરડાના હરીપુર ગામેથી ભરત દાનાભાઈ રામ, વિજય કાળાભાઈ સોલંકી, વિપુલ કાળાભાઈ સોલંકી, કાળાભાઈ મોહનભાઈ સોલંકી, અજયભાઈ ધનજીભાઈ સોલંકી, દાનાભાઈ રણમલભાઈ રામ, ચંપાબેન સામતભાઈ મકવાણા, વાલીબેન જીણાભાઈ મોરબીયા, મણીબેન જગદીશભાઈ પરમારને જાહેરમાં જુગાર રમતા ૨૯૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. તેમજ હરીપુર ગામેથી જ મેંદરડા પોલીસે કાનજીભાઈ ભીમજીભાઈ ગરેજા, કેયુરભાઈ જીતુભાઈ ચુડાસમા, જીણાભાઈ રાજાભાઈ વંશ, ગંગાબેન ભુપતભાઈ ડાકી, કાળીબેન ડાયાભાઈ પંડીત, ગીતાબેન ભીખાભાઈ ભુવા, શાંતીબેન જેશુકભાઈ મેર, ભાવનાબેન રાજેશભાઈ પરમાર, જરીનાબેન નીજારભાઈ વેગડાણીને ૩૬૨૦ના મુદ્દામાલ સાથે જાહેરમાં જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. શીલ પોલીસે બામણવાડા ગામેથી જગદીશ અમરાભાઈ મેવાડા, પીન્ટુભાઈ રામદેભાઈ મેવાડા, ભાવેશભાઈ અરશીભાઈ મેવાડાને ૪૪૫૦ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. ચોરવાડ પોલીસે ગડુ નજીક આવેલ શાંતીનગરમાંથી જાહેરમાં જુગાર રમતા બાલુભાઈ ઉર્ફે સંજય જીકાભાઈ ચુડાસમા, અજહરખા ઈસ્માઈલખા લીગારી, યુનુસભાઈ જમાલભાઈ સુલેમાન, રસીદભાઈ તૈયાબભાઈ લાખા, રીયાજભાઈ ઈબ્રાહીમભાઈ હીંગોળા, મનુભાઈ હરદાસભાઈ પરમાર, ઈસાભાઈ આરબભાઈ લાખાને ૧૦૨૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

## શ્રી વાઘેશ્વરી માતાજી મંદિરે આસો નોરતા ધામધુમથી ઉજવાશે

જૂનાગઢ તા.૧
વર્ષોની પરંપરાઓ મુજબ આ વર્ષે પણ શ્રી વાઘેશ્વરી માતાજી મંદિરમાં આસો નોરતા ધામધૂમથી ઉજવવામાં આવશે.

શ્રી વાઘેશ્વરી માતાજીના દર્શનાર્થીઓ માટે આસો નવરાત્રી તા.૩-૧૦-૨૪થી તા.૧૩-૧૦-૨૪ સુધી ઉજવવામાં આવશે. મંદિરનો સમય સવારે ૫ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા સુધીનો રહેશે. જેમાં મંગળા આરતી સવારે ૬-૧૫ વાગ્યા, શૃંગાર આરતી સવારે ૮-૧૫ વાગ્યે તથા શયન આરતી સાંજે ૭-૧૫ વાગ્યે થશે. બપોરે ૧ થી ૩-૩૦ વાગ્યા સુધી મંદિરમાં દર્શન બંધ રહેશે. આઠમનો યજ્ઞ તા.૧૧-૧૦-૨૦૨૪ શુક્રવારના રોજ છે તેનું બીડુ સાંજે ૫ વાગ્યે હોમવામાં આવશે.

જયારે શ્રી ઉપલા વાઘેશ્વરી માતાજીનું મંદિર સવારે ૫ વાગ્યાથી રાત્રીના ૯ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. તેની મંગળાઆરતી સવારે ૬-૪૫ વાગ્યે, શૃંગાર આરતી સવારે ૮-૪૫ વાગ્યે અને શરન આરતી સાંજે ૬-૪૫ વાગ્યે થશે. તેજ રીતે શ્રી ઉપલા વાઘેશ્વર માતાજી મંદિરમાં આઠમના યજ્ઞનું બીડું હોમવાનો સમયે બપોરે ૧૨-૩૦ વાગ્યાનો રહેશે. તો દરેક ધર્મપ્રેમી જનતાને આસો નવરાત્રીના દર્શનનો લાભ લેવા એક યાદીમાં જણાવાયું છે.





